# ખ્રિસ્તીબંધુ

જુલાઈ-2020 • VOL. 89 (07)
Page 38 | છૂટક નકલ ₹ 15/-



## વિશ્વાસથી વિજય

કેમ કે દેવે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો [આત્મા] આપ્યો છે. ૨ તિમોથી ૧ : ૭

# ખ્રિસ્તીબંધુ
(ગુજરાતી માસિક)

જુલાઈ - ૨૦૨૦
વર્ષ (પુસ્તક)-૮૯ ● અંક-૭
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

-: માનદ્ તંત્રી :-
શ્રી આશિષ માર્ટિન
(ડિપ્લોમા ઈન જર્નાલિઝમ)

PLACE OF PRINTING
BHAGWATI OFFSET
C-16, BANSIDHAR ESTATE,
BARDOLPURA,
O/S. DARIAPUR GATE,
AHMEDABAD-380004.

OWNER AND PLACE OF PUBLICATION GUJARAT TRACT AND BOOK SOCIETY
SAHITYA SEVA SADAN,
NEAR GUJARAT COLLEGE
ELLISBRIDGE,
AHMEDABAD-380 006.
Phone : 26445281

Email : gtbs_1852@yahoo.co.in

PRINTED AND PUBLISHED BY
SHRI ASHISH MARTIN
(SECRETARY) ON
BEHALF OF GUJARAT TRACT AND BOOK SOCIETY
PRINTED AT
BHAGWATI OFFSET
C-16, BANSHIDHAR ESTATE,
BARDOLPURA,
O/S. DARIAPUR GATE,
AHMEDABAD-380 004.
AND PUBLISHED FROM
GUJARAT TRACT AND
BOOK SOCIETY
SAHITYA SEVA SADAN
NEAR GUJARAT COOLEGE,
ELLSIBRIDGE,
AHMEDABAD-380 006.


# ખ્રિસ્તીબંધુમાં જાહેરાતના દર

## તારીખ ૧-૬-૨૦૧૪ થી અમલ

| વિગત | સાદી | | કલર | |
|---|---|---|---|---|
| | સામાન્ય | ધંધાદારી | સામાન્ય | ધંધાદારી |
| આખું પાનું | રૂા. ૩,૦૦૦ | રૂા. ૪,૦૦૦ | રૂા. ૬,૦૦૦ | રૂા. ૭,૫૦૦ |
| અર્ધુ પેજ | રૂા. ૧,૭૫૦ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૩,૦૦૦ | રૂા. ૩,૫૦૦ |
| ચોથો ભાગ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૧,૨૫૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૨,૦૦૦ |
| ટાયટલ પેજ-૨ | | | રૂા. ૧૫,૦૦૦ | |
| ટાયટલ પેજ-૩ | | | રૂા. ૧૦,૦૦૦ | |

**વાર્ષિક ધંધાદારી**

| | |
|---|---|
| સાદી | આખુ પેજ રૂા. ૪૫,૦૦૦, અર્ધુ પેજ રૂા. ૨૧,૦૦૦, ચોથો ભાગ રૂા. ૧૨,૦૦૦ |
| કલર | આખુ પેજ રૂા. ૮૨,૦૦૦, અર્ધુ પેજ રૂા. ૩૮,૦૦૦ |

**લગ્ન વિષયક** (બોક્ષ નંબર તથા ઈમેલ સાથે) રૂા. ૧,૨૫૦

**જીવન ઝરમર**

| | | | |
|---|---|---|---|
| ૧ પેજ | રૂા. ૧,૫૦૦ | ૧.૧/૨ (દોઢ) પેજ | રૂા. ૨,૫૦૦ |
| આભારપત્ર | રૂા. ૫૦૦ | આભારપત્ર ફોટા સાથે | રૂા. ૭૫૦ |

**છૂટક નકલ :**
**ખ્રિસ્તીબંધુ રૂા. ૧૫/-, ઉપલીમેડી રૂા. ૨૦/-**
**સોનેરી બાલવાડી રૂા. ૫/-**

**નોંધ :**

- જાહેરાત મર્યાદિત સંખ્યામાં લેવાતી હોવાને કારણે વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારાશે. જ્યારે આભારપત્રો જે તે મહિનાની સાત (૭) તારીખ સુધી સ્વીકારાશે.
- કોઈપણ જાહેરાત છાપવા માટે સંસ્થાનો નિર્ણય આખરી રહેશે.
- **લેખન સામગ્રી :** અન્યત્ર પ્રસિદ્ધ કરેલ કે પ્રસિદ્ધ કરવા મોકલેલ લેખો, કાવ્યો વગેરે મોકલવા નહિ. ખ્રિસ્તીબંધુમાં છપાતા લખાણ માટે તંત્રી કે સંસ્થા જવાબદાર નથી.

  **આપણી ખબરઅંતર :** આ માટે સ્વૈચ્છિક દાનની અપેક્ષા રાખવામાં આવે છે.
- **લગ્નવિષયક :** વ્યક્તિની શૈક્ષણિક લાયકાત, નોકરીના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, અપરિણીતનું, વિધુર-વિધવાનું પાળકનું પ્રમાણપત્ર વગેરે આપવાનું રહેશે. જેનો દર રૂા. ૧,૨૫૦/- રહેશે.
- જાહેરાત માટે ડિગ્રીની ઝેરોક્ષ નકલ સામેલ કરવાની રહેશે. જાહેરાત માટે બટર પેપર, સીડી વગેરે સ્વીકારાશે નહિ. અંગ્રેજી જાહેરાત ટાઈપ કરીને આપવાની રહેશે.

**શ્રી આશિષ માર્ટિન**
(માનદ્ સેક્રેટરી)

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | તંત્રીલેખ |
| ૫ | ધ માસ્ટર ઓફ ડોર્સ |
| ૭ | ઘર શુદ્ધ કરવાનો વખત |
| ૧૦ | પ્રભુના આગમનની નિશાનીઓ |
| ૧૨ | મોટો મર્મ |
| ૧૪ | સાંકડા બારણાની શોધ |
| ૧૭ | સંપૂર્ણ વિશ્વાસુ અને આધીન થાઓ |
| ૧૮ | એપાફ્રાસ |
| ૧૯ | અવિનાશી આત્મા |
| ૨૧ | કોરોના મહામારી |
| ૨૨ | "It is well" |
| ૨૫ | ગુલાંટ મારી |
| ૨૭ | અભિમાન એ જ અભિશાપ |
| ૨૮ | જીભ |
| ૨૯ | પ્રેમની પરાકાષ્ઠા |
| ૩૦ | સાચી ફરજ |
| ૩૧ | ચુકાદો |
| ૩૩ | હોશિયારી કે પાપ ? |
| ૩૫ | હાજરી |



'ખ્રિસ્તીબંધુ' સલાહકાર સમિતિ

રેવ. સાઈમન બ્રેઈનર્ડ
રેવ. નેરીઅસ ધોળકિયા
રેવ. મનહર ગામેતી
ડો. મનુભાઈ માલવિયા

તંત્રીલેખ

# વિશ્વાસથી વિજય

– શ્રી આશિષ માર્ટિન

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ભયનું વાતાવરણ ફેલાયેલું છે. એક અજાણ્યા વાઇરસને કારણે સમગ્ર વિશ્વ હતપ્રભ થઈ ગયું છે. મહાસત્તાઓ પણ આ મહામારીને નાથવામાં લાચારી અનુભવી રહી છે. આપણા જીવનમાં જાણે એક અજાણ્યો શત્રુ ઘર કરી રહ્યો છે. આપણું ઘરથી બહાર નીકળવું, કોઈને મળવું દરેક બાબતમાં એક ભય અનુભવાય છે. પણ આપણે આપણા જીવનમાં ભયને હાવી થવા દેવો ન જોઈએ. માનસિક ભય એક એવી શકિત ધરાવે છે કે જે તમારું સમગ્ર જીવન ખતમ કરી શકે છે, પણ આપણે આપણું જીવન પ્રભુને સોંપવું જોઈએ. આવા સમયમાં વિશ્વાસ રાખવો એ ખરેખર અઘરું છે. શાંત પાણી હોય ને ચોખ્ખું આકાશ હોય ત્યારે સહુ કોઈ વિશ્વાસ રાખી શકે પણ જ્યારે વાદળ હોય ને પાણીનાં મોજાં ઊછળે ત્યારે જ ખ્રિસ્તી વિશ્વાસની કસોટી થાય છે. પણ જો ઈશ્વર સાથેનો અંગત સંબંધ હોય તો વિશ્વાસમાં દૃઢ થવાય છે. ૨ કાળવૃત્તાંત ૨૦:૧૭માં કહે છે, “આ લડાઈમાં તમારે યુદ્ધ કરવું નહીં પડે. હે યહૂદિયાનાં તથા યરૂશાલેમના લોકો, સ્થિર થઈને ઊભા રહો અને યહોવા તમારું કેવું રક્ષણ કરે છે તે જુઓ. પછી રાજા અને તેના લોકો સ્તુતિ કરે છે અને ગીતો ગાય છે. યહોશાફાટ રાજા લોકોને અહીં એ જ વાત કરે છે : દેવ પર વિશ્વાસ રાખો બધી જ ચિંતાઓ તેની પર મૂકો.

દરેક વિશ્વાસી વ્યકિતમાં પ્રભુએ વિશ્વાસ કરવાનું મન આપેલું જ છે. રૂમી ૧૨:૩ કહે છે, “પણ દેવે જેટલે દરજ્જે દરેકને વિશ્વાસનું માપ વહેંચી આપ્યું છે તેના પ્રમાણમાં નમ્રતાથી દરેકે પોતાને યોગ્ય ગણવો. કેટલી અદ્ભુત વાત! આપણો વિશ્વાસ એ સમય સાથે વધતો જાય છે ઈશ્વરે જે ખાત્રીઓ મને આપી છે તેનો અનુભવ કરવો હોય તો વિશ્વાસ એ ઉદ્દીપકનું કાર્ય કરે છે. ઈશ્વર હંમેશાં વિશ્વાસુ છે અને ઈશ્વરનાં વચનો સત્ય છે અને એટલે જ આપણે પ્રભુ પર વિશ્વાસ રાખવો જોઈએ. જ્યારે આપણે નબળા પડીએ છીએ ત્યારે પ્રભુની મદદથી મજબૂત બની શકીએ છીએ. યિર્મેયા ૧૦:૨૩ કહે છે, “હું જાણું છું કે મનુષ્યોનો માર્ગ પોતાના હાથમાં નથી, પોતાનાં પગલાં ગોઠવવાં એ ચાલનાર મનુષ્યનું કામ નથી... જો આપણે ભય પર કાબૂ મેળવવો હોય તો પ્રભુ પર આધારિત બનવું પડે. આપણે ઈશ્વરની વધારે નજીક જવું પડે અને પ્રભુ કહે છે જ.... **“જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.”** માથ્થી ૨૮:૨૦. આજની આ પરિસ્થિતિમાં શું પિતા પોતાનાં બાળકોને મૂકી દે ખરો ? યોહાન ૮:૨૯માં કહે છે, **“વળી જેણે મને મોકલ્યો છે તે મારી સાથે છે તેણે મને એકલો મૂક્યો નથી...”** ગમે તેવી અંધકારભરી પરિસ્થિતિ આવે પણ પિતા પોતાનાં બાળકોને એકલા મૂકશે નહીં. આપણું મન માનવીય છે માટે આવા વિચારો આપણને આવે તે સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં ઘણી વખત આપણી કસોટી પણ થતી હોય છે. ઈસુએ પણ તેના શિષ્યોની કસોટી કરી હતી. માર્ક ૪:૩૭માં વચનમાં કહે છે, “પવનનું તોફાન આવ્યું.” અહીં ગ્રીક ભાષામાં જે શબ્દ છે તે પ્રમાણે ગોળ ફરતી ઘૂમરીવાળું મોજાનું તોફાન જે બધું તહસનહસ કરી નાખે. આજે આપણે એવા જ જગતમાં જીવી રહ્યા છીએ. પ્રભુની સાથેના ઘણા શિષ્યો તો માછીમાર હતા જેમને સામાન્ય તોફાનથી ભય ઉત્પન્ન ના થાય. પણ ઈસુ પવનને ધમકાવે છે અને તોફાન શાંત થાય છે. માર્ક ૪:૪૦માં કહે છે તમે કેમ ભયભીત થયા છો ? શું તમને હજુય વિશ્વાસ નથી ? પ્રભુ પણ આપણા જીવનમાં આવો જ વિશ્વાસ ઉત્પન્ન કરવા માંગે છે. શું આપણે તૈયાર છીએ ?

**માત્ર ઈસુ પર ભરોસો! કેવી સુંદર છે આ વાત!**
**કેવી ધીરજ જ્યારે શીખું, તેનું વચન જે શાશ્વત.**

# ધ માસ્ટર ઓફ ડોર્સ

– ડૉ. શેરિલ નિકોલસ, સુરત

લોકડાઉનમાં એક બાબત આપણને સમજાઈ ગઈ કે બંધ દરવાજા પાછળ રહેવું એટલે શું ? આપણાં જીવનોની ઘણી બાબતોમાં અમુકવાર આપણા માટે દ્વારો ઉઘાડવામાં પણ આવ્યાં છે તો અમુકવાર દ્વારો બંધ પણ રાખવામાં આવ્યાં છે. જ્યારે દ્વારો ખોલવામાં આવે ત્યારે આપણે શું કરીએ છીએ અથવા બંધ દ્વારોનો સામનો આપણે કેવી રીતે કરીએ છીએ ? જીવનનાં આત્મિક દ્વારોનું શું ? આ દ્વારોને કોણ નિયંત્રિત કરે છે - આપણે કે ઈશ્વર ? જીવનનાં દ્વારો આપણને કંઈક શીખવે છે. આ દ્વારો, ઈશ્વર સાથેના આપણા પ્રયાણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને પવિત્રશાસ્ત્ર પણ તે વિષેનું પ્રકટીકરણ કરે છે.

પ્રકટી ૩:૭-૮ - "ફિલાદેલ્ફીયામાંની મંડળીના દૂતને લખ કે, જે પવિત્ર છે, જે સત્ય છે, જેની પાસે દાઉદની કૂંચી છે, જે ઉઘાડે છે અને કોઈ બંધ કરશે નહિ, જે બંધ કરે છે અને કોઈ ઉઘાડતો નથી, તે વાતો કહે છે : તારા કામ હું જાણું છું (જુઓ, તારી આગળ મેં બારણું ઉઘાડું મૂક્યું છે, તેને કોઈ બંધ કરી શકે તેમ નથી." જીવનનાં આ બારણાંઓનું થોડું અવલોકન કરીએ.

**(૧) બારણાંઓનો સંદેશ :** આપણે સૌ જાણીએ છીએ કે બારણું એટલે શું ? "પ્રવેશમાર્ગને ખોલવા કે બંધ કરવા હલાવી શકાય એવો મજબૂત અવરોધ." બારણું, ખોલવા અને બંધ કરવા પર આધારીત, સ્વીકાર અને નકારનું પ્રતીક છે. પવિત્રશાસ્ત્રમાં "બારણું" શબ્દ, અમુકવાર શાબ્દિક રીતે તો અમુકવાર માર્મિક રીતે, એક અથવા બીજા પર્યાય સ્વરૂપે, ૨૬૩ વાર જોવા મળે છે જેમાંનાં અમુક ઉદાહરણો તેમના સંદેશ સાથે આ મુજબ છે :-

- ઉઘાડવામાં આવેલું દ્વાર-તક (૧ કરિંથી ૧૬:૮)
- પ્રભુ ઈસુ પોતે બારણું હોવાનો દાવો કરે છે - તારણ (યોહાન ૧૦:૯)
- આકાશમાં ઉઘાડેલું દ્વાર - મંડળીનું ગગનગમન (પ્રકટી. ૪:૧)
- બારણા આગળ છે - પ્રભુ ઈસુનું દ્વિતીય આગમન (માથ્થી ૨૪:૩૩)
- બારણા આગળ ઊભો રહી ઠોકનાર પ્રભુ - ખાતરી (પ્રકટી ૩:૨૦)
- ઉઘાડેલું દ્વાર - જવાબ પામેલી પ્રાર્થનાનો આશીર્વાદ (માથ્થી ૭:૭,૮)
- મિજાગરા પર ફરતું બારણું - આળસ (નીતિ. ૨૬:૧૪)
- તંબુના બારણા આગળ દેવ ઈબ્રાહિમને મળે છે - સંગત (ઉત્પ. ૧૮:૧-૨)
- બારણાની બારસાખો અને ઓતરંગ પર ચોપડેલું રક્ત - ઉદ્ધાર (નિર્ગ. ૧૨:૭)
- બંધ બારણું - નકાર અને ન્યાય (માથ્થી ૨૫:૧૦)
- હોઠોનું દ્વાર - શાંતતા અને આત્મસંયમ (ગીત. ૧૪૩:૩)
- દેવના મંદિરનો દરવાન - સેવા (ગીત. ૮૪ :૧૦)

**(૨) બારણાંઓની સેવા :** ખુલ્લાં અથવા બંધ બારણાં આપણાં જીવનોને બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. પ્રે.કૃ. ૧૨:૧-૧૭ માં પિત્તર બંદીખાનામાં

હોય છે અને બીજે દિવસે સવારે તેનું મૃત્યુ થવાનું હોય છે પણ ઈશ્વર એક દૂતને મોકલે છે અને છુટકારાનાં બારણાં તેની માટે ખૂલી જાય છે. બંદીખાનાનાં બારણાં અને શહેરનાં દ્વારો ખૂલી ગયાં પણ જ્યાં મંડળી તેને માટે પ્રાર્થના કરતી હતી ત્યાં તે પહોંચે છે તો તે ઘરનું બારણું બંધ હોય છે. આ બારણાંઓએ પિત્તરનું જીવન બદલી નાખ્યું. પ્રે.કૃ. ૧૬:૬-૧૦ માં પાઉલે પણ બે જગાએ બંધ બારણાંનો સામનો કર્યો. તેઓ તેને દેવે ઉઘાડેલા સેવાના દ્વાર તરફ લઈ ગયા. આ બારણાંઓએ પાઉલનું જીવન બદલી નાખ્યું અને એમ આખા જગતનો ઈતિહાસ બદલાય ગયો. પ્રકટી ૩:૭-૮ માં ફિલાદેલ્ફીયામાંની મંડળી સામે પણ ઈશ્વરે ઉઘાડેલું દ્વાર મૂક્યું. તેઓ નબળા હતા પણ તેમને મહાન તક આપવામાં આવી. તેમણે ફક્ત વિશ્વાસથી તે દ્વારમાં પેસવાનું હતું. ઈશ્વરે તેમનો મહાન રીતે ઉપયોગ કરવાનું અને તેમને આશીર્વાદિત કરવાનું વચન આપ્યું હતું. ખુલ્લું દ્વાર એ સારી બાબત છે. તકોનાં દ્વાર જ્યારે ઉઘાડવામાં આવે છે ત્યારે આપણે ખુશ થઈએ છીએ. જ્યારે દેવ કોઈ દ્વાર ઉઘાડે ત્યારે આપણે અચકાયા વગર વિશ્વાસથી તેમાં પ્રવેશવું જોઈએ કારણ કે દેવ તે દ્વારા આપણાં જીવનોમાં કંઈ ખાસ કરી રહ્યા હોય છે.

બીજી બાજું, બંધ બારણાં આપણને નિરાશાથી ભરી દે છે. આપણે જે ઈચ્છીએ છીએ તે જ કરવા માંગીએ છીએ અને ઈશ્વર તરફથી ના સાંભળવા માંગતા નથી. પણ જેટલા ખુલ્લાં બારણાં અગત્યનાં છે તેટલાં જ બંધ બારણાં પણ છે. હમણાં આપણે જે આશીર્વાદાતિ અવસ્થામાં છીએ એનું કારણ એ કે ઈશ્વરે આપણા જીવનમાં અમુક બારણાં ખોલ્યાં તો અમુક બંધ પણ કર્યાં છે. આપણા માટે ઈશ્વરે ખોલેલા દરેક બારણામાંથી આપણે પ્રવેશ કરીએ અને ઈશ્વરે બંધ કરેલા દરેક બારણાથી દૂર રહીએ.

**(૩) બારણાંઓનો ધણી :** પ્રકટી. ૩:૮ સ્પષ્ટ કરી દે છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત એ દરવાન છે. તેઓ જીવનનાં બારણાંઓના ધણી છે. તેમને ગમે તેમ તેઓ બારણાંઓ ખોલે છે અને બંધ પણ કરે છે. તેમની પાસે સર્વ કૂંચીઓ છે અને તેઓ નક્કી કરે છે કે કયાં બારણાં ખોલવા જોઈએ અને કયાં બારણાં બંધ રાખવા જોઈએ. તે ધણીની સેવા એ વ્યક્તિગત સેવા છે. “હું” અને “તારાં” જેવા શબ્દોનો ઉપયોગ એવું ચિત્ર દર્શાવે છે કે જ્યાં પ્રભુની વ્યક્તિગત રીતે પોતાની મંડળી અને લોકોનાં જીવનોમાં સામેલ છે. પ્રભુ આપણાં જીવનોના દૈનિક પ્રયોજનોમાં ગાઢ અને અંગત રીતે સામેલ છે. યર્મિયા ૨૯:૧૧;૧ પિત્તર ૫:૭; રૂમી ૮:૨૮; ૨ કરિંથી ૪:૧૭; હિબ્રૂ ૪:૧૫,૧૬ કહે છે કે પ્રભુ આપણી દેખરેખ રાખે છે અને આપણને અસર કરતી દરેક બાબતમાં આપણી કાળજી રાખે છે. પવિત્રશાસ્ત્રમાં પોતાના લોકો માટે ઈશ્વરની વ્યક્તિગત સેવાના ઘણાં ઉદાહરણો છે - એલિયા, સારફતની વિધવા, શાદ્રાખ, મેશાખ, અબેદનગો, દાનિયેલ, પ્રભુ ઈસુના શિષ્યો. દાઉદ, અયૂબ વગેરે. દરેક ખુલ્લું બારણું આપણા પર ઈશ્વરના પ્રેમ અને આપણાં જીવનોમાં તેમની ગતિવિધિઓની અભિવ્યક્તિ છે; તેવી જ રીતે દરેક બંધ બારણું પણ એ જ છે. આજે જ્યારે લૉકડાઉન “અનલૉક” કરવામાં આવ્યું છે ત્યારે આપણે કયા બારણા તરફ જોઈ રહ્યા છીએ ? કયાં તો ખુલ્લા બારણામાંથી થઈને જઈએ અથવા બંધ બારણાથી દૂર રહીએ. પણ યાદ રાખીએ કે આપણા દરેક બારણા પાછળ પ્રભુ છે. તે જ દરવાન છે. તે જ દરેક બારણાનો ધણી એટલે **ધ માસ્ટર ઓફ ડોર્સ છે**. ઈશ્વર આપણને આ “અનલૉક” દરમિયાન સુરક્ષિત રાખી તેમની તરફ નિર્દેશ કરતા બારણાંઓને પારખવા મદદ કરે તે જ પ્રાર્થના.

# ઘર શુદ્ધ કરવાનો વખત

– રૂબેન પરમાર, વડોદરા

**હવે તમે શુદ્ધ થાઓ.. દેવ યહોવાહના મંદિરને શુદ્ધ કરો. ને પવિત્રસ્થાનમાંથી અશુદ્ધતા કાઢી નાંખો. (૨ કાળ ૨૯:૫)**

સ્કોટલેન્ડમાં નવા વર્ષની શરૂઆત થાય તે પહેલાં ઘરની સફાઈ કરવાની પ્રણાલિકા છે. રસોઈ ઘરમાંથી પણ જૂની રાખ અને ધૂળ દૂર કરવાની અને સાથે સાથે જૂનું દેવું પણ ભરપાઈ કરી દેવાનું. કહેવાનો ભાવાર્થ એ છે કે જૂનું દૂર કરી નવાને માટે સ્થાન તૈયાર કરવામાં આવે છે. આપણું શરીર પવિત્ર આત્માનું મંદિર છે, તેને વર્ષમાં એકવાર નહીં પણ સતત શુદ્ધ કરવું અતિ આવશ્યક છે. પવિત્રશાસ્ત્ર કહે છે, "અશુદ્ધતા કાઢી નાંખો." કારણ ? લાંબે ગાળે ખોટી વર્તણૂક, કમજોર સાક્ષી અને ખરાબ ટેવો આપણને લૂલા-પાંગળા બનાવી દે છે.

૨. કાળ ૨૯:૩ પ્રમાણે યહોવાહના મંદિરની પરિસ્થિતિ દુ:ખદ હતી. બારણાં તૂટી ગયાં હતાં. જો આપણે ખ્રિસ્ત પર વિશ્વાસ રાખીએ છીએ તો આપણે જીવતા દેવનું મંદિર છીએ. માટે જો આપણે આપણાં હૃદય, આંખો અને કાનોની સંભાળ ન રાખીએ તો એ શકય છે કે આવી પરિસ્થિતિમાંથી શેતાનશત્રુ આપણી માંહે પ્રવેશ કરી આપણને ભૌતિક અને આત્મિક રીતે નુકસાન પહોંચાડશે. બારણાં તૂટી ગયાં હોવાથી શત્રુ સરળતાથી પ્રવેશ કરીને ચોરી કરશે, નુકસાન પહોંચાડશે અને મારી પણ નાંખશે. આપણા જીવન માટે આ ચેતવણીદાયક વચન છે. ૨ કાળ. ૨૯:૫ કહે છે તેમ; હે લેવીઓ, મારું સાંભળો. હવે શુદ્ધ થાઓ... મંદિરને શુદ્ધ કરો... પવિત્રસ્થાનમાંથી અશુદ્ધતા કાઢી નાંખો. આ મંદિરને આપણાં જીવનો સાથે સરખાવીને થોડો વિચાર કરીએ.

**ભેગી થયેલ ગંદકી જો સાફ કરવામાં ન આવે તો તેમાં ઉત્તરોત્તર વધારો થાય છે :** લેખક કહે છે કે બેદરકારીને કારણે કચરાને દૂર ન કરવાને કારણે મંદિર અશુદ્ધતાથી ભરાઈ ગયું હતું. આપણામાંના કેટલાં એવું માને છે કે પોતાના મનની સફાઈ જરૂરી છે ? આપણે ઈચ્છતાં હોઈએ કે ઘર સ્વચ્છ રહે, તો કામે લાગવું પડશે. પ્રયત્નો કરવા પડશે. ઘર સ્વચ્છ રહે તે માટે આપણામાં ઈચ્છાશક્તિ પણ હોવી જોઈએ, અન્યથા પરિસ્થિતિ નિયંત્રણ બહાર જશે. ભારોભાર નિષ્કાળજીને કારણે ગંદકી, અશુદ્ધતા અને કચરાથી મંદિર ભરાઈ ગયું હતું. આ સઘળી ગંદકી દૂર કરવાની જરૂર છે. કલમ ૬ પ્રમાણે આપણા પૂર્વજો અને વડીલોએ દેવ તરફથી પોતાનું મુખ ફેરવ્યું, જેને પરિણામે આ સ્થિતિ ઉદ્‌ભવી છે.

**દરેક નમૂનો એ આદર્શ નમૂનો હોતો નથી :** અહીં લેખક એ મુદ્દો આપણી સમક્ષ લાવે છે કે અમારા પિતૃઓએ અપરાધ કર્યો છે, તેઓ અવિશ્વાસુ નીવડ્યા છે તેથી તેમને ઢાંકપિછોડો કરવાની ફરજ પડી છે. દેવની દૃષ્ટિમાં જે ભૂંડું છે તે તેમણે કર્યું છે. જ્યાં નહીં જવું જોઈએ અને ન કરવાનું કરીને આદર્શ નમૂનો મૂકવામાં નિષ્ફળ જઈને દેવનાં પવિત્ર મંદિરને ભ્રષ્ટ કર્યું છે. અભ્યાસ એ ફલિત કરે છે તે કે પિતાઓની ભૂલના ભોગ તેમનાં બાળકો બને છે એ આ વિષચક્ર આગળ વધે છે. કલમ ૭ પ્રમાણે પિતૃઓએ અને વડીલોએ પરસાળનાં બારણાં બંધ કર્યાં છે, દીવા હોલવી નાંખ્યા છે, ધૂપ બાળ્યો નથી અને દહનિયાર્પણો ચઢાવ્યા નથી.

**અશુદ્ધ મંદિર દેવને માટે ઉપલબ્ધ થતું નથી :** તેમણે બારણાં બંધ કરી દીધાં જેથી દેવ ઉપસ્થિત રહી શકતો નથી. હેબ્રી ભાષા પ્રમાણે બંધ કરવું એટલે

અન્યોને શરણે જવું અને બારણાં એટલે જીભ. પોતાની જીભ દેવ માટે નહીં પણ અન્યો માટે ઉપયોગમાં આપી. જગત જે કહે છે તે જો આપણે બોલીએ છીએ, એટલે કે સાંસારિકપણું, ફિલસૂફીનો આડંબર આપણા પર રાજ કરે છે.

**જ્યારે આપણું મુખ બીજાને સોંપીએ છીએ ત્યારે દીવો હોલવાઈ જાય છે :** કલમ ૭ કહે છે દીવો હોલવાઈ ગયો છે. જે ક્ષણે અન્ય ખોટી વ્યક્તિને મુખ સોંપીએ છીએ, અગ્નિ હોલવાઈ જાય છે. આપણામાં રહેલ દેવના દીવાની જ્વાળા પર ઠંડુ પાણી રેડવાની શેતાન શત્રુ હંમેશાં ધૃષ્ટતા કરે છે. મંદિરમાંનો દીવો જ દેવનાં પ્રકાશનો સ્રોત છે. એ દુ:ખદ બિના છે કે આજે કેટલાય ખ્રિસ્તીઓ આ અગ્નિ વગર જ આમ તેમ જગતમાં ફરે છે. પોતાના જીવનમાં તેમને કોઈ જ ઉત્સાહ હોતો નથી કારણ કે તેમનો દીવો હોલવાઈ ગયો છે. આજે એવાં કેટલાય ખ્રિસ્તના લોકો છે જે પાછું વળીને એ વાતનું સ્મરણ કરે છે અગ્નિ કેવો સળગતો હતો ! આજે ઈશ્વર એવી કૃપા કરે કે એ જ્વાળાઓ ફરી પ્રજ્વલિત થાય.

**ખંડિત મંદિર દેવને માટે સુવાસને ઉપયોગી નીવડી શક્તું નથી :** કલમ-૭ પ્રમાણે ધૂપ બાળવામાં આવ્યો નથી, જેનો અર્થ છે કે દેવને યજ્ઞનો સુવાસિત ધૂપ ચઢતો નથી. આપણે જાણીએ છીએ કે જ્યારે ધૂપ બાળવામાં આવે છે ત્યારે તેની સુગંધથી ઘર ભરાઈ જાય છે. શું આપણે એ જાણતા નથી કે સંસાર સાથેનું મેળાપીપણું જીવંત ઈશ્વરને કેટલું દુ:ખ પહોંચાડે છે ? ઈશ્વરના સાંનિધ્યની સુગંધ જગતના કોઈ પણ તત્ત્વ કરતાં વધુ તીવ્રતા ધરાવે છે પણ આ ત્યારે જ શકય બને છે જ્યારે ધૂપને સતત સળગતો રાખવામાં આવે. ઈશ્વરના સાંનિધ્યની સુગંધ જગતના કોઈ પણ તત્ત્વ કરતાં વધુ તીવ્રતા ધરાવે છે પણ આ ત્યારે જ શકય બને છે જ્યારે ધૂપને સતત સળગતો રાખવામાં આવે. જ્યારે આપણે આ જગતમાં છીએ ત્યારે આપણી આસપાસના લોકોને સુગંધ આવવી જોઈએ. (૨ કરિંથી ૨:૧૫). માટે પાઉલ કહે છે કે જો આપણે જીવતાં દેવનાં સંતાનો છીએ તો ઈસુ ખ્રિસ્ત મારફતે જયવંત કરતાં પણ કંઈક વિશેષ છીએ. માટે જ ખ્રિસ્તની સુવાસ ફેલાવનારાં બનીએ. શું આપણને હવે નથી લાગતું કે એ ધૂપને ફરી સળગાવવાની જરૂર છે ?

**બિસ્માર હાલત અર્પણો ગુમાવી દે છે :** મંદિરમાં દહનિયાર્પણો બંધ થયાં હતાં. આજે શું ? આપણા ખ્રિસ્તીઓએ સમર્પણની ઈચ્છા ગુમાવી દીધી છે ? આપણે જ્યારે સૌપ્રથમ દેવ પર વિશ્વાસ કર્યો ત્યારે આપણે કેટલાં તેજસ્વી અને પ્રકાશમાન હતાં. આપણો નવો જન્મ થયો ત્યારે આપણામાં પ્રભુમંદિર માટે કેટલી બધી આતુરતા હતી. કયારે પ્રભુમંદિર ખૂલે અને જીવતા ઈશ્વરની આગળ પોતાની જાતને હોમી દેવાની કેવી લગન હતી ! કોઈ ખાસ આત્મિક સભાઓમાં પહોંચી દેવનું વચન સાંભળવાની કેવી ભૂખ અને આતુરતા ! પણ અફસોસ ! ધીમે ધીમે આ જ્વાળાઓ ઠંડી પડતી ગઈ. સુગંધ ચાલી ગઈ. અને હવે જવાનું તો છે પણ હૃદયમાં ખરેખર ઈચ્છા નથી. સમર્પણનો આનંદ લુપ્ત થયો છે. આજે પ્રભુમંદિરોમાં એ સમર્પિત જીવનો કયાં દેખાય છે ? માત્ર જવા ખાતર જઈએ છીએ. લેખક કહે છે દહનિયાર્પણો ચઢાવવામાં આવતાં નથી. મંદિર ખંડિયેર થઈ ગયું છે, ઈચ્છાઓ મરી પરવારી છે. આજે સમય છે આપણાં જીવનો દેવની આગળ રેડવાનો, જેથી દેવની હાજરીનો આપણે સુખાનુભવ કરી શકીએ.

**તૂટેલું મંદિર ભયગ્રસ્ત હોય છે :** આપણે જોઈ શકીએ છીએ કે આ હાલતને પરિણામે દેવનો કોપ આવી પડ્યો છે (કલમ ૭). ઈશ્વરે હડસેલા ખાવાં, અચંબારૂપ તથા ફિટકારરૂપ થવા સારુ સોંપી દીધા છે. ભયને કારણે લોકો કેટલી મુશ્કેલીમાં છે આ બધી બાબતોને કારણે આપણે ચહેરા સંતાડવા પડે છે. આપણે દેવ પરનો વિશ્વાસ ગુમાવી દીધો છે. જ્યારે મંદિર ભાંગી જાય છે ત્યારે આપણે ભયના ઓથાર હેઠળ જીવીએ છીએ.

**મંદિરનો કચરો એ માનહાનિ અને ફજેતારૂપ છે :** પ્રભુમંદિરની તમામ વિધિઓ, સેવાઓ એ અચંબારૂપ અને ફિટકારરૂપ થઈ છે. પ્રવર્તમાન સમયમાં દેવના મહિમા માટે ભય કે ડર રહ્યો નથી. જૂના કરારમાં જોઈએ તો લોકો જ્યારે દેવની સાથે એકરૂપ હતાં ત્યારે દેશો ભયથી કાંપતા હતા, પણ આજે એ ધ્રુજારી કયાં છે ? કે પછી દેવ શું કરી શકે છે, કે શું કરશે એવા ભ્રમમાં હોવાને લીધે આપણે આત્મવંચનામાં રાચીએ છીએ ? જ્યાં સુધી ખ્રિસ્તનાં સંતાનો તરીકે દેવનાં સામર્થ્ય અને મહિમાના પ્રકાશમાં ચાલીશું નિશ્ચે જગત ધ્રૂજશે. પણ જો જગત સાથે સમાધાન કરીશું તો આપણી સ્થિતિ બદતર થશે. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે દેવની તરફ પાછા ફરીએ. જગતનો ન્યાય કરતાં પહેલાં દેવ પોતાનાં લોકોનો ન્યાય પ્રથમ કરશે. માટે આપણે સીધું કરવાની જરૂર છે. આપણે અને આપણી મંડળી જે મૃત:પાય દશામાં છે તેને દેવ પુનર્જીવિત કરવા માંગે છે. આ ત્યારે જ શકય બને છે જ્યારે આપણે ખ્રિસ્તના નામમાં કૂચ કરીએ. અને તે દિવસની શરૂઆત આજથી થાય. જ્યાં કઠોર નિર્ણય લેવાની આવશ્યકતા છે, ત્યાં માણસોને પ્રસન્ન કરનાર નહીં, પણ ખ્રિસ્તને પ્રસન્ન કરવાનું ધ્યેય રાખીએ.

જ્યારે ખ્રિસ્ત માટે હિંમતથી પગલું લઈએ ત્યારે આંતરિક અને બાહ્ય પરિબળો મશ્કરી કરશે પરંતુ કલમ ૯ થી આગળ જોઈએ તો ત્યાં શુદ્ધીકરણની પ્રક્રિયા થઈ રહી છે જેથી ખ્રિસ્તને રાજા તરીકે સ્થાપવામાં આવે. આ રાજા જ્યારે આપણા હૃદયમાં આવે છે ત્યારે તે ખાલી હાથે આવતા નથી પણ અનેકવિધ આશીર્વાદો સહિત આવે છે. આપણામાંના આજે કેટલાના વિશ્વાસમાં ઠેસ લાગી છે જેને દૂર કરવાની જરૂર છે. બારણાં ઉઘાડવાનાં છે, અગ્નિ ફરી સળગાવવાનો છે, અને અર્પણો ચઢાવવાનાં છે. કચરો કીદ્રોન નાળા પાસે લઈ જવામાં આવ્યો જે છેવટે મૃત સરોવરને મળે છે જ્યાં તમામ કચરો; અર્થાત પાછલી ભૂલોને ઠાલવવામાં આવે છે. કોરોના વાયરસે ખ્રિસ્તનાં બાળકોને એ વિચારવા પ્રેર્યા છે કે અન્ય જગતના લોકો માટે તો ઠીક, પણ આપણે પોતાની જાતની પરીક્ષા કરીએ. કયાં ખોટાં પડ્યા, કયાં ભૂલો કરી કે દેવે આપણાં પ્રભુમંદિરો બંધ કરાવી દીધાં ? સુધારો અને શુદ્ધીકરણની પ્રક્રિયા આપણાથી જ શરૂ થવી જોઈએ.

આપણા હૃદયરૂપી મંદિરની દશા ગમે તેવી કેમ ન હોય. ખ્રિસ્તથી ભલે ને આપણે ઘણાં છેટાં હોઈએ. પણ જે સર્વ કંઈ જૂનું, ભંગાર અને કચરા સમાન છે તેને નાળા પાસે લાવી ખાલી કરીએ. જીવતા દેવની સન્નિધ આવીએ. તેનું ભજન કરીએ તો તે આ મંદિરને ફરી નવપલ્લવિત કરશે. જૂનું દૂર કહી ખ્રિસ્તમાં આપણે નવી ઉત્પત્તિ બનીશું. આજે જ આ પ્રક્રિયાને આપણી માંહે શરૂ કરવા દઈએ, જેથી કરીને નદીનું સ્વચ્છ પાણી એકધારું વહે. બની શકે આપણા માટે પ્રથમ વખતનો અનુભવ હોય અથવા તો અગ્નિની જ્વાળાને પુન: સળગાવવાની જરૂર હોય.

## તેની પડખે રહેજો

તમો સાગર જેવું દિલ રાખજો,
પણ તેના જેવી ખારાશ ન બનશો.

કોઈ નિરાધારની હાંસી ન ઉડાવતા,
પણ તેના દુ:ખનો ભાર ઊંચકી લેજો.

સુખમાં તો સાથ આપશે જગમાં ઘણાં,
સાચા મિત્ર બની દુ:ખમાં તેની પડખે રહેજો.

ગરીબી જોઈ છે જેણે, પૂછો એ વિષે એને,
અને પ્રેમથી તમો, એના હૃદય મહીં ઊતરજો.

પ્રભુ પાસ તો સૌ સરખા છે, સમજ 'નેલસન',
એટલે જ પ્રભુનું કહ્યું તમો જરૂરથી માનજો.

– નેલ્સન ક્રિસ્ટી, સુરત

# પ્રભુના આગમનની નિશાનીઓ

– ફિની ક્રિશ્ચિયન

**.... એ જ ઈસુ, જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ પાછો આવશે.**

(પ્રે.કૃ.૧:૧૧) જેમ પ્રભુનું સ્વર્ગારોહણ થયેલું, તેમ જ તેના આગમનના સમયે કેટલાંક ચિહ્નોનું પુનરાવર્તન થશે. જે તેના પુનરુત્થાન પહેલાં દેખાતાં હતાં. પ્રભુ ઈસુના જન્મ પહેલાં એક ઘટના ઘટેલી જે તેના બીજા આગમનની પહેલાં દેખાશે.

લૂક ૨:૧ તે દિવસોમાં કૈસર ઑગસ્તસે એવો ઠરાવ બહાર પાડ્યો કે, સર્વ દેશોનાં લોકનાં નામ નોંધાય. આખા જગતના નામની નોંધણી થશે. જેમ પ્રભુના આગમનની પહેલા આખા સંસારની જનગણના થઈ હતી તે જ પ્રમાણે પ્રભુના બીજા આગમનની પહેલાં આખા સંસારની જનગણના થશે.

જાણતા - અજાણતા આપણા બધાની નોંધણી થઈ છે. આપણાં બધાંની નોંધણી 'સરકારી કર્મચારીઓ' દ્વારા વસ્તી ગણતરી માટે પહેલાં આવ્યા હશે - જે આવનાર વસ્તી ગણતરીના ડેટા માટે લઈ ગયા, ત્યારે થઈ ચૂકી છે. કેટલો ડેટા એવો છે કે ભારતમાં લેવામાં આવ્યો નથી, પણ આખા જગતભરમાં એકત્રિત અથવા ભેગો કરાયો છે. આજે વસ્તીગણતરી છે તે માત્ર ભારતમાં જ નહીં પણ આખા જગતભરમાં થાય છે ગલ્ફ દેશો / અખાતી દેશોમાં ત્યાંના લોકોને કાર્ડ આપવામાં આવે છે - જેનાથી એક વ્યક્તિનું કોઈ ગુનાઈત રેકોર્ડ હોય તો તે એક દેશમાંથી બીજા દેશમાં જઈ શકતો નથી. ભારતમાં આ યોજનાને આધારકાર્ડ અથવા યુનિક આઈડેન્ટી નંબર કહેવામાં આવે છે. હવે જે વસ્તી ગણતરી થશે એમાં બીજી કેટલીક વિગતો પણ ઉમેરવામાં આવશે જેમ કે, કુટુંબની કેટલીક વિગતો- કેટલાં સભ્યો છે એમની ઉંમર, મિલકતની માહિતી, ભણતર, બેંકખાતાની માહિતી એની સાથે પહેલા આધારકાર્ડ બનાવતી વખતે તમારા ફિંગર પ્રિન્ટ સાથે તમારી રેટિનાની માહિતી પણ લેવામાં આવી હશે. પાછળથી આ નંબરને યુનિવર્સલ આઈડેન્ટિટી નંબર / વૈશ્વિક ઓળખ સંખ્યા બનાવવામાં આવશે. અત્યારે ભારતમાં ફ્લાઈટ બુકિંગ અને લગ્નની નોંધણી માટે આધારકાર્ડ ફરજિયાત છે. રેલ્વેની ટિકિટ અને જમીન લે - વેચ માટે આધારકાર્ડથી બુકિંગ કાયદાકીય રીતે ફરજિયાત નથી. પણ પરોક્ષ રૂપે ફરજિયાત છે. પણ લોકો સ્વૈચ્છિક રીતે આધારકાર્ડનો ઉપયોગ કરે તેની માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. આ એન.પી. આર. (નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર) ૦૧-૦૪-થી શરૂ થનાર છે.

પણ હવે સમસ્યા એ છે કે આ ડેટા ચોરી થઈ શકે છે. અને ભ્રષ્ટાચાર એવો વધારે છે જેના કારણે કેટલાંક લોકોની પાસે બે કરતાં આવાં ફેક ડોક્યુમેન્ટ હોઈ શકે છે. એટલાં માટે તેનામાં એક બાયો ચિપ એડ કરવામાં આવશે. હવે વૈજ્ઞાનિકો પ્રમાણે આ બાયો ચિપને કાર્યરત રાખવા માટે શરીરની ગરમીની જરૂરત છે. તો વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યું કે, આખા શરીરમાં એવા ખાલી બે જ ભાગ છે જ્યાં આ બાયોચિપ કામ કરી શકે છે - એ છે જમણો હાથ અને માથા પર. આનાથી કોઈપણ માણસની માહિતી લીક નહિ થાય અને સાથે સાથે આ સંસારના કોઈપણ દેશથી - પૈસાની લે - વેચ કરી શકશે. શું કોઈને બાઈબલમાં આવી જ એક પરિસ્થિતિ લખવામાં આવી છે એવું યાદ આવે છે ? હા, આવી પરિસ્થિતિ લખવામાં

આવી છે પ્રકટી ૧૩:૧૫-૧૮. હા, જ્યારે ખ્રિસ્ત વિરોધી આવશે ત્યારે વૈશ્વિક ઓળખ/ યુનિવર્સલ આઈડેન્ટીટી નંબર બનાવવામાં આવશે અને ત્યારે એવો કાયદો પણ બનાવવામાં આવશે કે જે કોઈ એ બાયોચિપ નહિ લે એને મારી નાખવામાં આવશે.

ચિંતા ના કરશો, અત્યારે વર્લ્ડ ગવર્મેન્ટ બની નથી એટલા માટે "અત્યાર પૂરતું" આધારકાર્ડ વાપરવામાં કશું ખોટું નથી.

પણ આ વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારા માથાં ઊંચાં કરો; કેમ કે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે, એમ સમજવું. લૂક ૨૧:૨૮ આવી આત્મિક સલાહ અને દોરવણી આપણા તારનાર પ્રભુએ આપણને આપી છે. થોડા સમય પહેલાં મેં એક પ્રબોધ અથવા પ્રોફેસી સાંભળી છે : તમે પોતાની જાતને આત્મિકરૂપે સળગાવો કેમ કે અંધકારનો સમય પાસે છે. તમે સામર્થ્ય ધારણ કરો કેમ કે સંકટનો સમય આવી રહ્યો છે. સાચે આ વાત પ્રભુ તરફથી પ્રગટ થઈ છે, કારણ કે, હાલના સમયે જે સંસાર છે એ ત્રીજા વિશ્વયુદ્ધની અણી પર જઈ રહ્યો છે. એ સાથે એક વાત જે પ્રભુનું વચન કહે છે, ત્યારે પ્રજા પ્રજાની વિરુદ્ધ તથા રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઊઠશે. અને એ સર્વ થયાં પહેલાં મારા નામને લીધે તેઓ તમારા પર હાથ નાંખશે. અને તમને સતાવીને ...રાજાઓ તથા હાકેમોની આગળ લઈ જશે. (લૂક ૨૧:૧૨). અથવા તો પ્રભુના આગમન પહેલાં મંડળીની સતાવણી થશે. માટે આપણા બધામાં પ્રભુના એ પ્રેમની અને સામર્થ્યની જરૂરત છે જેથી આપણે આવનાર સમયનો સામનો કરી શકીએ. આ આખો સંદેશ પૂરો કરતાં પહેલા હું કેટલીક વાતો કહેવા માંગું છું. ૧. આત્મિક રીતે માથ્થી ૨૬:૪૧ જાગતા રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો આત્મા તત્પર છે ખરો, પણ શરીર અબળ છે. આ વચનમાં પ્રભુ પોતે શિક્ષણ આપે છે 'પ્રાર્થના કરો પણ એની પહેલા જાગતા રહો'નો અર્થ કેટલાક લોકો નથી સમજતા એ સ્પષ્ટ કરી દઉં કલોસ્સી ૪:૨ કહે છે આભારસ્તુતિ કરીને જાગૃત રહો. પ્રભુ ખાલી પ્રાર્થના કરવાનું શિક્ષણ નથી આપતા, પ્રભુ એમ પણ કહે છે આભારસ્તુતિ કરીને જાગૃત રહો. ૨. બીજું માથ્થી ૧૦:૧૬ જુઓ. વરુઓમાં ઘેટાંના જેવા હું તમને મોકલું છું. માટે તમે સાપના જેવા હોશિયાર, તથા કબૂતરના જેવા સાલસ થાઓ. પ્રભુનું વચન આ પ્રમાણે કહે છે એનું કારણ એ છે કે, તમે પોતાની ભૂલોના કારણે પરીક્ષણમાં ન ફસાતા. એટલા માટે સંસારમાં તમારે શારીરિક રીતે પણ સજાગ રહેવાનું છે.

અને અંત કરતા પહેલાં કેટલાંક લોકો દુ:ખોની વાત સાંભળતા ગભરાય અથવા નાહિંમત થાય છે એટલા માટે એ પણ કહેવા માગું છું. બાઈબલમાં લખ્યું છે તે સંકટને સમયે તે પોતાના માંડવામાં મને ગુપ્ત રાખશે. પોતાના મંડપને આશ્રયે તે મને સંતાડશે. તે મને ખડક ઉપર ચઢાવશે. અને પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે. (ગીત. ૨૭:૫ ૯૧:૧). આ વચનો લઈને પ્રાર્થના કરજો : **પ્રભુ હું તમારી પાંખોની છાયા નીચે અને તારી શરણમાં પોતાની જાતને મૂકું છું.** બીજી એક વાત અત્યારે જાણીજોઈને ખ્રિસ્તીઓને નિશાન બનાવવામાં આવે છે. થોડા સમય પહેલાં વડોદરા શહેરમાં એન.પી.આર. માટે કેટલાંક ખ્રિસ્તીઓના ઘરે સરકારી અધિકારીઓ આવેલા અને એમણે ધર્મના સ્થાને 'ખ્રિસ્તી'ના બદલે 'ધર્મપરિવર્તન' એમ લખાવવામાં આવે છે. માટે ધ્યાન રાખજો કે આવા સમયે તમે ધર્મના સ્થાને 'ખ્રિસ્તી' અથવા 'દેશી - ખ્રિસ્તી' એવું જ લખાવવાનો આગ્રહ રાખજો. આ તમારો સંવૈધાનિક અધિકાર છે - ભારતમાં તમારો કાયદાકીય હક છે.

પ્રભુ આપણને પોતાની ભરપૂરીમાંથી કૃપા ઉપર કૃપા આપે.

# મોટો મર્મ

– માઈકલ ક્રિશ્ચિયન, અમદાવાદ

બાઈબલ એક એવું પુસ્તક છે જેમાં માનવીને લગતા તમામ પ્રસંગો કે સમસ્યાઓનું વર્ણન અને ઉકેલ ઈશ્વરે માનવીને તેની પોતાની માતૃભાષામાં લખીને આપ્યા છે. પરંતુ માનવીમન જેને એજ બાઈબલ અતિશય ભૂંડું જણાવે છે તે ઈશ્વર સિવાય બીજે જ ઉકેલ (માનવીના હોવાથી તે અપૂર્ણ છે અને સાચા ન હોવાને કારણે નિષ્ફળ જાય છે તો પણ તેને જ ) શોધે છે એ ઈશ્વરના વચનને તે પુરાણા કે અધૂરા સમજીને તેને અનુસરવા ચાહતા નથી. લગ્ન પણ એવો જ વિષય છે.

વરના માતાપિતા એક વગર પગારની બાંદી લાવવા માટે છે, કેટલાક માને છે ખરા કે લગ્નસંબંધો સ્વર્ગમાં ઈશ્વર દ્વારા રચાય છે પણ એના વિધિઓ તો માનવે પોતાના જ હાથમાં રાખ્યા છે, કેટલાંક ઉભય પક્ષના માને છે કે લગ્નમાં ઈશ્વરી નિયમો અને બંધનો હોવા જોઈએ, પરંતુ તે પોતાને મનગમતા જ નિયમો પાળવા તૈયાર થાય છે. આ તમામ પરિસ્થિતિમાં પ્રભુનું વચન તેને એક “મોટો મર્મ” જણાવે છે. એ આ મર્મ તમામ મનુષ્યજાતિ માટે છે ઈશ્વર આગળ શ્રીમંત- ગરીબ, કાળા, ગોરા, ઉચ્ચ-નીચ એવા ભેદભાવ નથી જ (ગલાતી ૩:૨૮). આ તમામ શ્રેણી મનુષ્યના મગજની અથવા હૃદયની ઊપજ છે. પણ મનુષ્યોને મન તો તે એક ઉજવણીનું પર્વ છે અને તેઓ તેનાથી ઈશ્વરને જરૂરત સિવાય આઘા જ રાખવા ચાહે છે. પણ ઈશ્વરનું વચન જેને **મર્મ** અને તે પણ **મોટો** કહે છે તેને સમજવાની જરાપણ દરકાર કરતાં નથી.

લગ્ન એ સ્ત્રી હોય કે પુરુષ પણ તેના જીવનનો એવો વળાંક (turning point) છે, તે જે તે વ્યક્તિનું જીવન તદ્દન બદલી નાંખે છે. તેની ટેવો, તેની જીવનશૈલી, તેની માન્યતાઓ વિ. બદલી નાંખે છે અને આ મોટો મર્મ પણ તેનાથી બાકાત નથી. તે વિશ્વાસ કરનારને વચન આપે છે કે તે તથા કુટુંબ તારણ પામે એવી તેની યોજના છે (પ્રે.કૃ. ૧૬:૩૧) અહીં શત્રુ શેતાન યુવાનોને ભરમાવે છે અને કહે છે કે તું તો એકલો / એકલી છે. તારે કુટુંબ છે? માટે તારણ પામવાનો આ યોગ્ય સમય નથી, આજે મુલતવી રાખ. પણ યાદ રાખો જો તમે એકલા છો તો તે (પ્રભુ) “એકાકી માણસને કુટુંબવાળા બનાવે છે.” (ગીત ૬૮:૬) પણ એ મર્મને સમજવાની જરૂર છે. તમારા કુટુંબના તારણની જવાબદારી પ્રભુએ તમને સોંપી છે. આ જવાબદારી કુટુંબમાં ઝઘડા કરીને પૂરી કરશો ? આદમની જેમ ફરિયાદો કરશો કે “પ્રભુ તેં જે સ્ત્રી મને આપી હતી ને, તેણે મને એ ફળ ખવડાવ્યું” હવાએ ઈશ્વરની આજ્ઞા ન માની માટે આદમને પણ એ ખાવાની છૂટ મળી ગઈ ? શું મેં માત્ર હવાને જ કહ્યું હતું કે ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું ફળ તમારે ન ખાવું ? માટે લગ્નમાં જોડાયેલ કોઈ એક પણ પ્રભુના વચન પ્રમાણે નહીં જીવે તો ઈશ્વરના ઈરાદા પૂર્ણ નહીં થાય. આજે સમગ્ર મંડળી દૂતો, અને ઈશ્વરની હાજરીમાં લીધેલી પ્રતિજ્ઞાઓને બંનેમાંથી એક પણ નહીં તોડે તો જ પ્રભુનો મહિમા થશે અને “મર્મ” પરિપૂર્ણ થશે. યાદ રાખો, એક જણ કોઈપણ વચનને તોડશે તો ઈશ્વર દુ:ખી થવાના જ છે. યાદ રાખો, તમે આજે જે વચનો આપ્યાં છે તે અન્યને પળાવવા માટે નહીં પણ પોતે પાળવા માટે આપ્યાં છે. સામાન્ય રીતે ફરિયાદો કહે છે કે સામેની વ્યક્તિ પોતાના માબાપને છોડવા માટે તૈયાર જ નથી (મેં જુદા રહેવાની વાત કરી તો તેમાં ખોટું શું છે ? શું તે વચન પ્રમાણે નથી ? પરંતુ પરિવારમાં ખટરાગ

લાવેલ સમસ્યાને લઈને કૌંટુંબિક કે વ્યક્તિગત પ્રાર્થનામાં લગ્ન કરાવનાર (પાળકસાહેબ કે વાત લાવનાર પાસે નહીં પણ ઈશ્વર) પાસે ગયા ? તેમની સલાહ શોધી ? અને જો કદાચ શોધી તો પ્રભુની સ્તુતિ કરતાં તે માની ? અમારો વિશ્વાસ છે કે જીવંત ઈશ્વર કદી પણ અલગ થવાની (છૂટાછેડા લેવાની) આપશે જ નહીં. માટે માનવી ન્યાયાધીશો અને ન્યાયાલયોની મદદ શોધવાને બદલે તેની વાણી સાંભળશો તો ઉત્તમ ગુરુ ઉત્તમ સલાહ આપીને તે "મર્મ" પ્રગટ કરશે. પણ તેને ભૂલીને માનવી સ્વાર્થવૃત્તિ દાખવશો તો શિક્ષા (?) બિલકુલ નહીં પણ પરિણામ તો ભોગવશો જ. દા.ત. કોઈ દારૂડિયો માણસ નવો જન્મ પામે તો તેના પાપ તો ક્ષમા થઈ જ જવાના છે પણ દારૂ પીવાને લીધે જે શારીરિક પરિણામ આવવાનું છે તે તો આવશે જ. તેને ટીબી કે અન્ય બીમારી તો થવાની જ.

આડીઅવળી વાતોને છોડીને આપણે "મર્મ" વિષે વાત કરીશું તે યોગ્ય છે ને ? ખ્રિસ્ત અને તેની કન્યા વિષે આપણે વિચાર કરીએ. તારણ પામતાં જ આપણે જૂના જીવન માટે મરી જઈએ છીએ. આપણે ખ્રિસ્તના નહિ પણ સ્વયં ખ્રિસ્ત જ બની જઈએ છીએ. (પ્રે.કૃ. ૯:૫). અને તે મંડળીમાં પોતાને જ જુએ છે. કેમકે વ્યક્તિના તારણના દિવસે તે ઈસુ સાથે વિવાહિત થઈ ચૂકયો છે. (૨ કરિંથી ૧૧:૨). તે બાપ્તિસ્માની સાક્ષીમાં જૂના જીવન માટે તો તે મરી ચૂકયો છે અને નવજીવનમાં નવી ચાલ ચાલવાને માટે તે પાછો ઊઠ્યો છે (રોમ. ૬:૪). "મર્મ" તો એ જ છે પ્રત્યેક વિશ્વાસી લગ્ન એ વિશ્વાસી જીવનનું પ્રતીક છે. ગઈ કાલ સુધી પિતાના ઘેર કન્યાએ જે નિયમો અનુસર્યા હતા તેનું મૂલ્ય તેને કશું જ નથી. હવે તો તે શ્વસુર પક્ષના ઘરના નિયમો પાળશે. પોતાના ઘેર જે પ્રકારની રસોઈ બનાવતી હતી અને જે સમયે બનાવતી હતી તે નહિ ચાલે, હવે તો શ્વસુરગૃહનો નિયમ જ તે પાળશે. માટે તો પ્રભુના ઘરમાં રૂપ, રંગ, આવક, કેળવણી વિ. જે માનવી રીતે જોવાતાં હતાં તેને બદલે પ્રભુના દાસો બંને લગ્નોત્સુકોને એક પ્રશ્ન પૂછે છે ? તમે તારણ પામ્યા છો ? પ્રભુએ કયા વચન દ્વારા તમને આ લગ્ન વિષે દોરવણી આપી ? કેમ ? કેમકે તેમને કોઈ માણસે નહિ પણ પ્રભુએ પોતે જ તેની મંડળીમાં ઉમેર્યા છે (પ્રે.કૃ. ૨:૪૭). હવે તેઓ પ્રભુને પૂછ્યા વિના કશું કરવાના નથી કેમકે તેમને જયવંત વિશ્વાસી પરિવાર જોઈએ છે, જે પ્રભુની ઈચ્છા પૂર્ણ કરે. પ્રભુએ પણ તેની આ ઈચ્છા છાની રાખી નથી. તેણે તો તે લખીને (અલબત્ત, આપણી માતૃભાષામાં જ) આપી છે - ગીત. ૧૨૭ માં સ્પષ્ટ લખેલું છે કે **જો યહોવા ઘર ન બાંધે તો બાંધનારનો શ્રમ મિથ્યા છે.** પ્રભુ જાણે છે કે માણસોના જ્ઞાનથી ઘણાં ઘરો (દેવળમાં કે બહાર) બંધાવાના છે, પ્રભુનું ઘર ગણાતું હોય પણ માનવી બુદ્ધિથી ઘર બનાવ્યું હોય તો તે નિષ્ફળ જઈ શકે છે. અને હવે એ ચર્ચા છોડીને "મર્મ" વિષે જ વિચારીએ તો પ્રભુ એવા સંતાનો આપે છે જે શત્રુને ફજેત કરે. (ગીત. ૧૨૭:૩-૫). પ્રભુ પોતાનાં સંતાનોને શત્રુ શેતાનની સામા વાપરવા માટે આશિષ આપે છે, પણ આપણે તે પોતાની શક્તિનું પરિણામ માનીએ છીએ અને તેથી જ વિશ્વાસી કહેવાતા માતા-પિતા પણ તેમનાં સંતાનોને પ્રભુની સેવામાં આપતા નથી. તેમને ડૉક્ટર, એન્જિનિયર કે મોટા "સાહેબ" બનાવવાની કેળવણી આપે છે. બાળપણથી જ તેઓ ચર્ચમાં કે બાઈબલ કલાસમાં "ટીવી" અને "મોબાઈલ" ને દુશ્મન ગણતા ગીતો ગાય છે અને ઘરે તો તેમનો જ ઉપયોગ કરે છે. દંભ કરવાનું શીખવવા માટે આપણે તેમને કઈ શાળા કે કૉલેજમાં મૂકયા હતા ? તે આપણાં જ ઘરમાં આપણો જ નમૂનો લે છે. એ "મર્મ" ખ્રિસ્ત અને મંડળી વિષે જાણવાની કે સમજવાની કોને પડી છે ?

આ લેખ આપણા દોષ દર્શાવવા માટે નથી. પણ જો તે સાચો માર્ગ - "મર્મ" બતાવે છે તો તેને અનુસરો અને ઈશ્વરના પરિવાર બનવાની આશિષો પામી લો.

તમે આજે જ નિર્ણય કરો. લેખ કેવો છે તે વિષે નહીં પરંતુ તમારા પોતાના માટે નિર્ણય લો.

# સાંકડા બારણાની શોધ

– પ્રફુલ્લ ક્રિશ્ચિયન, અમદાવાદ

આ દુનિયા ઉપર એક મનુષ્ય તરીકેના જીવનમાં આપણે બધા આ "શોધ" ઉપર આપણું લક્ષ્ય કેન્દ્રિત કરીએ છીએ. જો કે દરેક જીવ માટે આ શોધ મુખ્યત્વે ખોરાકની હોય છે. આ માટે નાના જંતુ કીડીનું ઉદાહરણ શ્રેષ્ઠ રહેશે. કીડી બળવાન પ્રજા નથી. છતાં ખોરાક શોધવામાં તે પોતાનું બળ દેખાડે છે. ગુજરાતીમાં કહેવત છે કે, "ઝાઝી કીડીઓ સાપને તાણે", કીડીની વાતમાં મુખ્યત્વે વાત કે તે કામગીરી છે. તે કયારેય નવરી દેખાતી નથી. અને આ એનું કામગરાપણું એની સફળતાની ચાવી છે. અને જો મનુષ્ય તેના જીવનમાં કર્તવ્યપરાયણ સાબિત થયો તો તે તેના જીવનમાં સાચી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

ઈસુના સઘળાં દૃષ્ટાંત આપણને આ સાંકડા બારણાની શોધમાં મદદરૂપ બની શકે. પણ સૌ પ્રથમ દૃષ્ટાંત આપણે માથ્થી ૧૯ મા અધ્યાયમાંથી લઈએ. ત્યાં એક જુવાનની પૃચ્છાનો ઉલ્લેખ છે. તેનો સવાલ એ છે કે, "ઉપદેશક, સર્વકાળનું જીવન પામવા સારુ હું શું કરું ?" આ પ્રશ્નના જવાબમાં ઈસુ તેને કહે છે કે **"જો તું જીવનમાં પેસવા ચાહે છે તો આજ્ઞાઓ પાળ."** જુવાન તેમને સામો પ્રશ્ન પૂછે છે, "કઈ કઈ ?" ઈસુ કહે છે કે, **"તું હત્યા ન કર, વ્યભિચાર ન કર, તું ચોરી ન કર, તું જૂઠી સાક્ષી ન પૂર. પોતાના માબાપને માન આપ, ને પોતાના પડોશી પર પોતાના જેવી પ્રીતિ કર."** જુવાને તેમને કહ્યું, "એ બધી તો હું પાળતો આવ્યો છું. હજી મારામાં શું અધૂરું છે ?" (માથ્થી સીધી જ વાત લખે છે કે ઈસુએ કહ્યું કે, **"જો તું સંપૂર્ણ થવા ચાહે છે તો જઈને તારું જે છે તે વેચી નાખ. અને દરિદ્રીઓને આપી દે એટલે આકાશમાં તને દ્રવ્ય મળશે."** પણ માર્ક મહાશય તે જુવાનના જવાબથી ઈસુને તેના પર હેત આવ્યું તેવું લખે છે. અને પછી તેને કહે છે કે, "એક વાત સંબંધી તું અધૂરો છે.") અને જુવાન ઈસુને છોડીને જતો રહે છે. કેમ કે તે ધનવાન હતો.

તો ઉપરની વાત ઉપરથી ફલિત થાય છે કે, દ્રવ્યની સંગત - દ્રવ્ય મેળવવાની લાલચ અથવા તો તમારાં મબલક નાણાં તમને સાંકડા બારણાની શોધ કરવામાં કયારેય કામમાં આવવાનાં નથી. નાણાં પ્રત્યેનો પ્રેમ અથવા નાણાંની માલિકી તમને અનંતજીવનમાં પહોંચાડતી નથી. તો સાંકડા બારણાની શોધમાં મનુષ્યનું પ્રથમ કર્તવ્ય ધનની સેવામાંથી મુક્તિ છે, એવું કહી શકાય. એટલે જ ઈસુના સાચા શિષ્યોએ આ ધનની લાલસમાંથી મુક્તિ મેળવવી રહી. ભારતમાં થઈ ગયેલા પ્રભુના સેવક સાધુ સુંદરસીંગ અને બ્રધર બખ્ષસીંગનાં જીવનો આ બાબતમાં નમૂનારૂપ સાબિત થશે. ઈશ્વરની સેવા માટે તમારે ધનવાન હોવું એ જરૂરનું નથી. પણ તમારે (આપણે) ફક્ત વિશ્વાસ રાખી સેવાની શરૂઆત કરવાની છે. થોડાં વર્ષો પહેલાં સાંભળેલી એક સત્ય ઘટના અહીં અસ્થાને નહીં ગણાય.

એક પ્રભુના સેવકે નવા વર્ષ માટે કેલેન્ડર છાપવાનો ઓર્ડર આપ્યો. ગુજરાતમાં રંગીન કેલેન્ડર છાપવા મોંઘા. નાખી દેતાય ૩૪-૪૦ હજારનો ખર્ચો થાય. (આ દશ વર્ષ પહેલાનો ભાવ છે.) હવે પ્રિન્ટિંગ પ્રેસે ઓર્ડર પ્રમાણે કેલેન્ડર છાપી નાખ્યા. પણ પ્રભુના આ સેવક પાસે આ પૈસા ચૂકવવા કાણી કોડી નહિ. છતાં તેમણે વિશ્વાસ રાખી પ્રિન્ટિંગ પ્રેસવાળાને નાણાં લેવા બોલાવ્યા. અને રસ્તા ઉપર તેઓની મુલાકાત થઈ. પ્રભુના સેવક થોડા આકુળ-વ્યાકુળ થયા. પણ ત્યાં

તો કોઈ અજાણ્યા ભાઈ આવી સેવકના હાથમાં એક કવર મૂકી ગયા. સેવકે કવર ઉઘાડી જોયું તો પ્રિન્ટિંગવાળા ભાઈના બિલ મુજબનો ચેક તેમાં હતો. પ્રભુ પોતાના સાચા ભકતોને કયારેય વિસરતા નથી.

બાઈબલ કહે છે કે બુરજ બાંધતા પહેલા તેના ખર્ચ માટેની જોગવાઈ છે કે નહિ તેની ખાતરી કર. (લૂક ૧૪:૨૮,૨૯,૩૦). રખેને તું હાસ્યાસ્પદ થાય. છતાં ઉપરનું ઈશ્વર પરના વિશ્વાસનું દ્દષ્ટાંત તમે સાચે જ સાંકડા બારણામાંથી પ્રવેશ કરેલા છો તેની ખાતરી કરાવે છે. આમ સાચા વિશ્વાસથી કરેલું કોઈપણ કાર્ય હાંસીપાત્ર બનતું નથી. તે દરેક વિશ્વાસીએ યાદ રાખવું રહ્યું. આવું જ બીજું દ્દષ્ટાંત બાઈબલમાં છે. ધનવાનને સાંકડા બારણાંમાંથી પ્રવેશ મળતો નથી પણ ગરીબ લાજરસ સ્વર્ગમાં જાય છે. આ વાત લૂકની સુવાર્તામાં આપેલી છે તે આપણે તપાસીએ.

શ્રીમંત માણસની લાઈફ સ્ટાઈલ. ત્યાં તેના માટે દબદબો એવો શબ્દ વાપર્યો છે. તેનો મતલબ એ થયો કે તે ચોક્કસ ચાકરોની ફોજ સાથે મહેલ જેવા આવાસમાં રહેતો હશે. કિરમજી રંગના ઝીણાં વસ્ત્રોનો અર્થ અહીં સૂટબૂટ કરવો અથવા પરફ્યૂમ છાંટેલા મોંઘા વસ્ત્રો ગણવા. દબદબાનો બીજો અર્થ સોનાની વીંટીઓ, હીરાની વીંટીઓ, હાથમાં અને ગળામાં સોનાના આભૂષણ ગણવા. સાથે સાથે મોંઘીદાટ કાર (ઑડી,બી.એમ.ડબલ્યુ કે સ્કોડા)નો કાફલો ગણવા. જો કે દુનિયા પણ ધનાઢ્યોને માન આપે છે. આગળ જીવનના અંતની વાત આવે છે. ધનવાનના મહેલના દરવાજા પરના ભિખારીની વાત આવે છે. ધનવાન અને ભિખારી બંને મૃત્યુ પામે છે. પણ ત્યાં પરિસ્થિતિ પલટાઈ જાય છે. પૃથ્વી પર સારા વાનાં પામેલો ધનવાન નર્કમાં અને નર્ક સમાન જગ્યા (ઉકરડા) રહેતો લાજરસ સ્વર્ગમાં. તો આ દ્દષ્ટાંત ઉપરથી આપણે એમ ચોક્કસ સમજવું રહ્યું કે ગરીબી, અછત એ જ સાકડું બારણું છે. કેમ કે સાંકડા બારણાની શોધ ઈશ્વરે ગરીબાઈમાં મૂકી છે.

તો પવિત્ર વચનોમાં આટલો સચોટ ખુલાસો હોવા છતાં પ્રશ્ન થાય કે આજનો વિશ્વાસી શા માટે અમિરાઈમાં અભિમાન કરે છે? અથવા તો ધન કમાવા આખી દુનિયા ફરી વળે છે? ગરીબી ઈશ્વર સાથેનો ઘનિષ્ઠ સંબંધ છે. જો આપણે જરૂરિયાતમંદ હોઈએ તો જ આપણા મુખમાંથી આર્તનાદ, આજીજી, વિનંતી, માગણી, કાલાવાલા નીકળે. દુન્યવી રીતે ધનવાનમાં આ એટીટ્યૂડ (વર્તન) હોતું નથી. તેથી તે ઈશ્વર પાસે જવાને બદલે પોતાના ધન પર આધાર રાખે છે. અને આ વાત ઈશ્વરને પસંદ નથી. તેઓ નમ્રતા ચાહે છે. ઈશ્વર પાસે છાતી કાઢવાને બદલે આપણે ઘૂંટણીએ પડી નમવું રહ્યું. જે વ્યક્તિ પાસે ઈશ્વરની હાજરી છે ત્યાં 'હુંપણું' અદ્દશ્ય થઈ જાય છે. અને આ જ સાચો સાંકડો માર્ગ છે.

માથ્થીની સુવાર્તાના ૭મા અધ્યાયની ૧૩ મી કલમમાં આ સાંકડા બારણાની વાત લખવામાં આવી છે. પહોળો માર્ગ નાશમાં પહોંચાડે છે. અને આખી દુનિયા એ પહોળા માર્ગે છે. પણ જીવનનો માર્ગ સાંકડો છે. અને છેલ્લે લખ્યું છે કે જેઓને તે જડે છે તેઓ થોડા જ છે.

તો શું ધનવાનો માટે કંઈ આશા નથી ? ના, શ્રીમંતોને પણ આ સાંકડો માર્ગ જડી શકે છે. આ માટે બાઈબલમાં લૂકની લખેલી સુવાર્તાના ૧૯ મા અધ્યાયમાં અસરકારક દ્દષ્ટાંત આપવામાં આવ્યું છે. ત્યાં ધનવાનના હ્રદયપરિવર્તનની કથા છે. ઈસુ યરીખોમાં થઈને જતા હતા, ત્યાંના એક શ્રીમંત નામે જાખ્ખીને ઈસુને જોવાની અદમ્ય ઈચ્છા હતી, પરંતુ તે ઠીંગણો હોવાથી લોકોની ભીડમાં ઈસુને જોવા સક્ષમ નહોતો. આથી ફકત ઈસુ કેવા દેખાય છે તે જોવા તે જે રસ્તે ઈસુ જવાના હતા તે રસ્તા ઉપર આવેલા ગુલ્લર ઝાડ પર ચડ્યો. ઈસુ સર્વજ્ઞ અને સાચા હ્રદયના પારખનાર હોવાથી તેઓ જ્યારે ગુલ્લર

ઝાડ પાસે આવ્યા, ત્યારે ઊંચે જોઈને તેને કહ્યું કે, **જાખ્ખી તું જલદી ઊતરી આવ કેમ કે આજે મારે તારે ઘેર ઊતરવાનું છે.** અને જાખ્ખી જે ફક્ત ઈસુને જોવા માંગતો હતો તેની જગ્યાએ તેને તેમનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. અને તેનું હૃદય પરિવર્તન પામ્યું, ત્યાં જ તેણે જાહેર કર્યું, **“પ્રભુ, હું મારી સંપત્તિનો અર્ધો ભાગ દરિદ્રીઓને આપું છું. અને જો અન્યાયથી મેં કોઈનું પડાવી લીધું હોય તો હું તેને ચોગણું પાછું આપીશ.”** (કલમ ૮) અને ઈસુ તેને તારણનો હક્કદાર બનાવે છે. આજની તારીખમાં અને ભૂતકાળમાં એવા કેટલાય ધનાઢ્ય પ્રભુના સેવકો છે કે જેમણે પોતાનું સર્વસ્વ અર્પી ઈસુની સેવા કરી હોય. આમ, ધનવાનને માટે પણ સાંકડું બારણું પ્રાપ્ત કરવાની ઈશ્વરની યોજના છે.

એક વિશ્વાસી તરીકે આપણે વિચાર કરવો રહ્યો કે ઉપરની સ્થિતિ પ્રમાણે મારી ગણના કયા માર્ગમાં થયો છે. દુન્યવી પ્રગતિના માર્ગે હું છું ? કે પછી જીવનનો જે માર્ગ સાંકડો છે તેના પર હું છું. ત્યાં મોટા સમૂહની અને થોડા જણનો ઉલ્લેખ છે. શું હું પ્રગતિના બહાને નાશના માર્ગે તો નથીને ? આ પ્રશ્ન દરેકે પોતાની જાતને પૂછવો રહ્યો. ૯૯% લોકો આ દુન્યવી પ્રગતિને ઈશ્વરનો આશીર્વાદ માને છે. અને આપણી પાસે સાંકડા માર્ગનો નકશો હોવા છતાં ગાડરિયા પ્રવાહની જેમ આપણે પહોળો માર્ગ પસંદ કરી તેની ઉપર આંખો મીંચી દોડી રહ્યા છીએ. અને એવા વર્તનથી ઈશ્વરને નારાજ કરી રહ્યા છીએ.

દુનિયાની સ્થિતિ જોતાં એવું લાગી રહ્યું છે કે પ્રભુ બારણા પાસે ઊભા છે. પ્રકટીકરણ ૨૨:૨૦ પ્રમાણે “હું થોડી વારમાં આવું છું.” જો આ શબ્દો ૨૦૦૦ વર્ષ પહેલાં લખાયા હોય તો આજે આપણે એ સમય હાથવેંતમાં જ છે એમ સમજવું રહ્યું. કદાચ આપણને ઈશ્વરના આગમનના સાક્ષી તરીકે ઈશ્વરે જીવતા રાખ્યા હોય ? અત્યાર સુધીનું આપણું જીવન શું વ્યર્થ, નકામું, બીનઅસરકારક કે સાક્ષી વગરનું છે? તેની દરેક જણે તપાસ કરવી રહી. ઈશ્વરના આગમનના સોનેરી અવસરમાં ભાગીદાર બનવા, આંખે દેખ્યા સાક્ષી બનવાનો લ્હાવો આપણી સામે છે. ઈશ્વર તમારા ઉપર પ્રેમ રાખે છે. આપણે નાશમાં, બળતી આગમાં, અનંતકાળના નર્કમાં ન જઈએ તેવી ઈશ્વરની ઈચ્છા છે. તો શા માટે આપણે નવો જન્મ પામી ઈશ્વરની આધીનતા સ્વીકારતા નથી ? હે પ્રભુ, હું માનવી તરીકે દુનિયામાં રહું છું પણ મારી ઈચ્છા તો તમારી સાથે સદાકાળ રહેવાની છે. માનવ તરીકે કરેલાં મારા પાપોની હું કબૂલાત કરું છું. તમે મને સંપૂર્ણ નવો બનાવો. તમારા આગમન વખતે ન્યાયકાળે હું તમારા મોંમાંથી એવું સાંભળવા માગું છું કે, “શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે. હું તને ઘણા પર ઠરાવીશ. તું તારા પ્રભુના આનંદમાં પેસ.” આમેન હે પ્રભુ ઈસુ આવો.

## મા

નરની પાંસળીમાંથી ઈશે બનાવી નારી,
માવડી મારી કલ્યાણકારી મારું ભલું ઈચ્છતી.
મા તું મા મારી મા... (૨)
વહાલપની મીઠી વીરડી વહાલપની અમી ઝરતી,
આંખડીમાં નર્યો સ્નેહભાવ તું છલકાવતી.
મા તું મા મારી મા... (૨)
પોતે ભીની પથારીમાં સૂવે સૂકે મુજને સુવાડતી,
ખાટાં ખારાં વ્યંજનો ને તેલમાં તરબતર ત્યાગતી.
મા તું મા મારી મા... (૨)
મુજ દુ:ખમાં સહભાગી બની આંસુ સારતી,
મુજ સુખમાં ઘણું હરખાઈ મીઠું મલકાતી.
મા તું મા મારી મા... (૨)
મુજની ઉન્નતિ ભાળી હરવખત પોરસાતી,
મુજ કાર્ય પ્રશંસા સાંભળી ભાવુક બનતી.
મા તું મા મારી મા... (૨)
મુજને મુશ્કેલીમાં જાણતી ને પોકે પોકે રડતી,
મા તે મા બીજા વગડાના વા કહેવત સાર્થક કરતી.
મા તું મા મારી મા... (૨)

**– કુ. અનિલા વસાવા, વાલિયા**

# સંપૂર્ણ વિશ્વાસુ અને આધીન થાઓ

– જોન સુવાર્તિક, વડોદરા

કફરનાહૂમમાં એક સૂબેદારનો ચાકર માંદો પડીને મરવાની અણી પર હતો. જે સૂબેદાર ખૂબ વહાલો હતો. તેણે ઈસુની વાણી સાંભળી યહૂદીઓના વડીલોને વિનંતી કરી કે તેઓ આવીને મારા ચાકરને સાજો કરે. ઈસુ એ વાત જાણી તેમના ઘરે જવા લાગ્યા. ત્યારે સૂબેદારે પોતાના મિત્રોને કહ્યું કે 'પ્રભુને કહો કે તેઓ મારા ઘર સુધી ન આવે. કેમ કે હું એવો યોગ્ય નથી. પણ તેઓ ફક્ત દૂરથી એક શબ્દ બોલે એટલે મારો ચાકર સાજો થઈ જશે.' એ વાત સાંભળી પ્રભુએ તેમની પાછળ આવતા લોકોને કહ્યું કે **ઈસ્રાએલમાં આવો અતૂટ વિશ્વાસ મેં જોયો નથી.** અંતે સૂબેદારના મિત્રો તેમના ઘરે પાછા આવ્યા ત્યારે તેમણે જોયું કે ચાકર સાજો થયો હતો.

છેલ્લા બે હજારથી વધારે વર્ષથી વિશ્વમાં ઘણા લોકોએ પ્રભુનો અંગીકાર કર્યો છતાં મોટો સમુદાય પ્રભુ પર વિશ્વાસ કરતો નથી. માંદગી, તંગી અને વિશ્વ પર પડતી આફતોથી લોકોમાં વિશ્વાસ ઘટી રહ્યો છે. માણસમાંથી ધાર્મિકતા મંદ થતી જાય છે. જેમ ફરોશીઓ, સાદુકીઓ, ઢોંગીઓ તથા શાસ્ત્રીઓ ઈસુ ખ્રિસ્તને અનેક તર્કવિતર્ક કરીને પ્રશ્નો પૂછતા હતા. ત્યારે પ્રભુ તેમના પ્રશ્નોના સચોટ જવાબ આપતા હતા. ઈસુ તેઓને કહે છે કે ઘેટાંપાળકનું એક ઘેટું ખોવાયેલું હતું. તેઓ રાનમાં નવ્વાણું ઘેટાંને છોડીને એક નાના ઘેટાંના બચ્ચાને શોધી તેને ખાંધ પર બેસાડીને ઘરે આવે છે. તેઓ પોતાના મિત્રો તથા પાડોશીઓને બોલાવી તેઓને કહે છે કે મારી સાથે તમે આનંદ કરો. કેમ કે એક ખોવાયેલું ઘેટું મને મળ્યું છે. તેમ પ્રભુએ કહ્યું કે નવ્વાણું ન્યાયીઓને પસ્તાવાની અગત્ય નથી. પણ એક પાપી પસ્તાવો કરે ત્યારે આકાશમાં આનંદ થાય છે. પ્રભુએ કહ્યું કે ફક્ત રાઈના દાણા જેટલો તમને વિશ્વાસ હોત તો તમે આ ગુલ્લર ઝાડને કહેત કે તું ઊખડીને સમુદ્રમાં રોપાઈ જા, તો તે તમારું કહ્યું માનત.

જેઓ પ્રભુનો સ્વીકાર કરશે અને સંપૂર્ણ વિશ્વાસુ રહેશે અને તેઓને પોતાના જીવનના અંત સુધી રહેશે તેઓને અનંતજીવનનો વારસો મળશે. જેમ આપણે નોકરી, રોજગાર કે વ્યવસાયમાં પોતાની ફરજ અદા કરી આગેવાન સાથે આધીનતા અપનાવીએ છીએ, તેમ પ્રભુની અનેકવિધ સેવા માટે પોતાના સમયનો સદ્દુપયોગ કરી આધીન રહીએ એમાં જ આપણી સાર્થકતા છે. ત્યારે આપણે પ્રભુમાં વિશ્વાસુ અને આધીન રહી શેતાનના સંકાજાથી બચી જઈશું.

૨૦૨૦માં સુવાર્તા પ્રચાર માટે સતાવણી અને હિંસા તેમ જ કોરોના મહામારી જેવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ આપણને હિંમત અને વિશ્વાસમાં વધુ દૃઢ અને મજબૂત બનાવે માટે સજ્જ થઈએ !

માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળી દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ; પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે. (૧ કરિંથી ૧૦:૧૩).



# એપાફ્રાસ (પ્રાર્થનાનો પરાક્રમી યોદ્ધો)

**(શાસ્ત્ર સંદર્ભ : કલોસ્સી ૧:૭;૪:૧૨; ફિલેમોન ૨૫)**

એપાફ્રાસ એ કોલોસસનો વતની હતો. તેના સંબંધી પ્રેરિત પાઉલે લખેલ કોલોસસના પત્રમાં તેમજ ફિલેમોનના પત્રમાં મર્યાદિત વિગતો ઉપલબ્ધ બને છે. પાઉલે એપાફ્રાસના સર્વનામ વિષે આપેલ માહિતી ખૂબ જ રસિક લાગે છે જેમ કે, 'સેવક', સાથી સેવક' 'વિશ્વાસુ સેવક' 'બંદીવાન સેવક' 'સાથી બંદીવાન' વગેરે. એપાફ્રાસનો અર્થ charming or foamy એટલે કે આનંદદાયક, મોહક અથવા મૃદુ જેવો થાય છે.

કલોસી ૧:૭ માં પ્રેરિત પાઉલ એપાફ્રાસનો પ્રથમ પરિચય આપે છે; **"એજ પ્રમાણે અમારા વહાલા સાથીદાર એપાફ્રાસ પાસેથી તમે શીખ્યા, તે અમારે માટે ખ્રિસ્તનો વિશ્વાસુ સેવક છે."** વળી એજ પત્રના અંત ભાગમાં લોકોને અંતિમ શુભેચ્છા પાઠવતાં પાઉલ એપાફ્રાસ વિષે પણ માહિતી આપે છે; **"એપાફ્રાસ જે તમારામાંનો એક છે, અને ખ્રિસ્તનો દાસ છે, તે તમને ક્ષેમકુશળ કહે છે. તે તમારે માટે આગ્રહથી પ્રાર્થના કરે છે કે, ઈશ્વરની સર્વ ઈચ્છા વિષે પૂરેપૂરી ખાતરી પામીને તથા સંપૂર્ણ થઈને તમે દૃઢ રહો. કેમ કે તમારે માટે તથા જેઓ લાઓદિકિયામાં તથા હિયરાપોલિસમાં છે તેઓને માટે તે બહુ કામ કરે છે,એ વિષે હું સાક્ષી આપું છું."** કલોસી ૪:૧૨:૧૪. આ ઉપરાંત ફિલેમોનને લખેલો ટૂંકો પત્ર જેનો એક જ અધ્યાય છે અને જેને માટે ફક્ત ૨૫ કલમો ફાળવવામાં આવી છે; તેની ૨૩ મી કલમમાં પણ એપાફ્રાસે પાઠવેલ કુશળતા વિષે પાઉલ જણાવે છે; **"ખ્રિસ્ત ઈસુમાં મારો સાથી બંદીવાન એપાફ્રાસ"... તને ક્ષેમકુશળ કહે છે."**

**એપાફ્રાસ-પ્રાર્થનાનો પરાક્રમી યોદ્ધો :** કોલોસસનો આ માણસ પ્રભુનો સેવક હતો; અને પ્રેરિત પાઉલનો સાથી સેવક હતો. કોલોસસ શહેરમાં તે પાઉલનો પ્રતિનિધિ હતો; જ્યાં તેણે મંડળી સંસ્થાપન કરી. કોલોસસમાં શરૂ થયેલ દુર્મત વિષે એપાફ્રાસે પાઉલની સલાહ અને દોરવણી માગી હતી. પાઉલ એપાફ્રાસ માટે ભલી લાગણી ધરાવતો હતો કારણ કે તે બીજાઓ માટે હંમેશાં તત્પરતા દાખવતો હતો.

**એપાફ્રાસની પ્રાર્થનાની સેવા અદ્‌ભુત હતી :** પ્રાર્થનાના આ ભડવીરને એ ખબર હતી કે પ્રભુની સમક્ષતામાં આપણી જરૂરિયાત વિષયક કેવી રીતે વિનંતી કરવી, અને એ માટે ગુપ્તમાં કેવી રીતે મલ્લયુદ્ધ કરવું. એપાફ્રાસ આ બાબત જાણતો હતો કે, "The secret of prayer is to pray in secret" - પ્રાર્થનાનું રહસ્ય તો ગુપ્તમાં પ્રાર્થના કરવી તે છે. તેને એ પણ ખબર હતી કે આવી પ્રાર્થનાઓ દ્વારા જ સંતોને પરિપક્વ બનાવવામાં આવે છે. તેને એ પણ ખબર હતી કે પ્રભુના ચરણો આગળ બેસીશું તો જ પ્રભુની સમક્ષતામાં હિંમતભેર ઊભા રહી શકાશે. પાઉલ પોતે એપાફ્રાસની પ્રાર્થનાનો સાક્ષી બન્યો હતો. પ્રભુના સંતો અને સેવકો માટે પ્રાર્થનામાં કેવી રીતે મલ્લયુદ્ધમાં ઝંપલાવવું તે વિષે એપાફ્રાસ માહિતગાર હતો. ટૂંકમાં, એપાફ્રાસ એક વ્યવહારુ સેવક હતો તેમજ પ્રાર્થનાવાદી સેવક હતો.

બીજા વિશ્વાસી લોકો પ્રભુમાં કેવી રીતે સ્થિર બને અને વૃદ્ધિ પામતા જાય, એ માટે એપાફ્રાસ એક વખત નહિ પણ અનેક સમયે પ્રાર્થનામાં લાગુ રહેતો હતો. તેણે તો છેક રોમ સુધીની મુસાફરી કરીને પાઉલની સમક્ષ કોલોસસના વિશ્વાસીઓનો સીધેસીધો હેવાલ રજૂ કર્યો હતો. વળી પાઉલની ગેરહાજરીમાં એપાફ્રાસે ત્યાંના સેવાકાર્યનો બોજ સંભાળી લીધો હતો. આ હેવાલથી પાઉલનું હૃદય આનંદમય બની ઊઠ્યું હતું, અને પ્રત્યુત્તરમાં પાઉલને પત્ર લખવાની ફરજ પડી. પાઉલની ઈચ્છા હતી કે એપાફ્રાસ આ પત્ર પોતે સ્વીકારે અને હાથોહાથ લઈ જાય.

શું આપણે પોતા સંબંધમાં કહેવા માટે સમર્થ છીએ કે આપણે ઈશ્વરના ખરેખરા સેવકો છીએ. એપાફ્રાસની માફક શું આપણે મધ્યસ્થીની પ્રાર્થનાઓમાં બીજાઓ માટે દુ:ખ અને દર્દ સહન કરવા તૈયાર છીએ ? આપણામાંના ખૂબ મર્યાદિત લોકોને બીજાઓની આત્મિક કલ્યાણની ચિંતા થાય છે.

# અવિનાશી આત્મા

– ચંદ્રિકા ભાભોર, અમદાવાદ

ખ્રિસ્તરહિત જીવનને નવો જન્મ તથા નવજીવન, નવચેતના જાગૃત કરતું એ ભજનસંગ્રહનું ગીત 'આવો અવિનાશી આકાશી આત્મા મારી તૃપ્ત કરો ભાવના પ્રેમભક્તિથી' પવિત્ર આત્માને આમંત્રણ આપતા આ ગીતમાં કવિ એલવિના જે. ફ્રાન્સિસ સિયોનીએ કાવ્યમય શબ્દરચનામાં સૌને દોર્યા છે. માનવીની પામરતા અને પ્રભુનો પ્રકાશ નિહાળી પ્રેમની પરાકાષ્ઠામાં સૌનો વિશ્વાસ દૃઢ અને મજબૂત થતો જાય છે. ગીતકર્તા ગીતશાસ્ત્ર ૧૧૦માં ઉલ્લેખ કરતા જણાવે છે કે, પવિત્રીકરણની ખાતરી માટે પ્રથમ પગથિયું આપણે જ ભરવાનું છે. અને બીજું ઈશ્વરપિતા ધરી રાખે છે. ઈશ્વર ત્રિએક છે. અનાદિકાળથી પિતા, પુત્ર અને પવિત્રઆત્મા સક્રિય રીતે પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી છે. દેવનો આત્મા પાણી પર હાલતો થયો, ઈશ્વરની આજ્ઞા મુજબ પૃથ્વીની રચના થઈ. દેવે કહ્યું, આમ થાઓ અને એ પ્રમાણે સઘળું થયું. આ સમજવા માટે પ્રેરિતોનાં કૃત્યો, યોહાનની સુવાર્તા, હેબ્રીઓને પત્રમાં પવિત્રઆત્માનો સંકેત આપવામાં આવેલ છે. પૃથ્વીની રચના થઈ, તે આદિકાળથી જ પવિત્રઆત્મા હતો. એ ત્રિએક દેવ એ જ પિતા, પુત્ર અને પવિત્ર આત્મા. પ્રાચીનકાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજોની સાથે ઈશ્વરપિતા અનેકવાર બોલ્યા. તે આ નવા કરારમાં પુત્ર કે જેમને તેમણે સર્વના વારસદાર બનાવ્યા, તેમની મારફતે સૃષ્ટિના સર્જન દ્વારા આપણી સાથે બોલ્યા, શબ્દમાત્રથી પવિત્ર આત્મા પાણી પર હાલતો થયો. એ જ ઈશ્વરના ગૌરવનું તેજ પ્રકાશ તેમના સત્ત્વની આબેહૂબ પ્રતિમા છે. પોતાના પરાક્રમથી સૌને નિભાવી રાખે છે.

પ્રેરિતોનાં કૃત્યોમાં સૌથી મહત્ત્વની બાબત તો પવિત્રઆત્માની પ્રવૃત્તિ છે. પવિત્રઆત્મા પચાસમાના પર્વના દિવસે યરૂશાલેમના વિશ્વાસીઓ પર ઊતર્યો ત્યારબાદ એ પવિત્રઆત્મા મંડળીને તથા મંડળીના સર્વ આગેવાનોને સામર્થ્ય આપતા જોવા મળે છે.ઈસુ ખ્રિસ્તે પસંદ કરેલા શિષ્યોને પવિત્રઆત્માથી આજ્ઞા આપી. મરણ સહ્યા પછી સજીવન થવાની ઘણી સાબિતી આપી. ચાલીસ દિવસ દરમિયાન તે પ્રેરિતોને દર્શન આપતા રહ્યા અને ઈશ્વરના રાજ્યની વાતો સમજાવતા રહ્યા. ઉત્પત્તિ કાળથી આ ત્રિએક પરમેશ્વર પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા હતા.

પિતરે સ્તંભની માફક આ પવિત્ર આત્માનું ઊતરવું અને તેનું કાર્ય સમજી લીધું. તેણે ભયભીત થયેલા એ સમયના યરૂશાલેમના રહેવાસીઓ તેમજ યહૂદિયાના માણસોને સમજણ આપી. આ તો હજી દિવસનો પહેલો જ પહોર છે. યોએલ પ્રબોધકે જે કહ્યું હતું, તે જ એ છે. એટલે કે ઈશ્વર કહે છે, પાછલા દિવસોમાં એમ થશે કે હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઈશ.

.... વળી હું ઉપર આકાશમાં અદ્‌ભુત કામ તથા નીચે પૃથ્વી પર ચમત્કારો દેખાડીશ. લોહી તથા અગ્નિ તથા ધુમાડાના ગોટેગોટા દેખાડીશ. પ્રભુનો મહાન દિવસ પ્રસિદ્ધ થયા અગાઉ સૂર્ય અંધકારરૂપ અને ચંદ્ર લોહીરૂપ થઈ જશે, પ્રેરિતોના કૃત્યો ૨ માં, પવિત્રઆત્મા ઊતરી આવ્યો, જે અગાઉથી જ કાર્યરત હતો. લોકો તે સમયે આશ્ચર્યચકિત બની ગયા. દરેક વિસ્મિત થતા અને અન્ય ભાષાઓ બોલવા લાગ્યા. આમ પ્રેરિત યોહાન અને હેબ્રીઓના પત્રનો અનામી

લેખક બંને જાહેર કરે છે. ઈશ્વરપુત્ર (શબ્દ) સૃષ્ટિના સર્જનમાં હાજરાહજૂર હતા. સૃષ્ટિના સર્જન બાદ પવિત્ર આત્માનું કાર્ય રોજેરોજ ચાલુ છે. જૂના કરારના આગેવાનોને આગેવાની આપવાનું કાર્ય પવિત્રઆત્માના સંચાર વડે જ શકય બન્યું છે. જુદા જુદા રાજાઓ, ભકતો પર પવિત્રઆત્મા આચ્છાદાન કરતો. ગંભીર પાપ કર્યા બાદ પશ્ચાત્તાપની ભાવના પણ પવિત્રઆત્માનો સંચાર કરાવે છે.

ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાં લઈ લેવાયા. પસંદ કરેલા પ્રેરિતો આ બનાવ નજરે નિહાળી રહ્યા. તેઓને પુન:ખાતરી પમાડી જે રીતે આકાશમાં જતા જોયા, તેઓ પાછા ફરતા ઈસુને નિહાળશે.

યહુદાનો અનુગામી નીમવામાં આવ્યો. 'ઉપલીમેડી' પર તેઓ પ્રાર્થના કરતા હતા, ત્યાં પણ જૂના કરારના ગી.શા. માં દાઉદ ઈશ્વર ભકતના મુખે અગાઉ જે વચન આવ્યું હતું, તે પૂર્ણ થઈ રહ્યું હતું. જે આપણામાં ગણાયો હતો. યહૂદા જેને સેવાનો ભાગ આપવામાં આવ્યો હતો. ગી.શા.માં લખેલું છે, તેની રહેવાની જગા ઉજ્જડ થાય અને તેમાં કોઈ  ન વસે, તેનું અધ્યક્ષપદ બીજો લે. આમ, પવિત્રઆત્મા પચાસમાના દિવસે તેઓ પર ઊતરી આવ્યો. પરંતુ એ તો શરૂઆતથી જ હતો. પિતરે તે સમયે આહ્વાન આપતા જણાવ્યું 'પસ્તાવો કરો', ઈસુ  ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો, કે તમારા પાપનું નિવારણ થાય. તમને પવિત્ર આત્માનું દાન મળશે. આમ, પચાસમાનું પર્વ એ અતિ, અતિ પવિત્ર અને વિશ્વાસનું પર્વ છે. માટે ખ્રિસ્તમાં આનંદ કરો. વિશ્વાસની સંગતમાં જોડાયેલા રહો. તારણ પામનારાઓની વૃદ્ધિ રોજેરોજ વધતી રહે, એ પચાસમાના પર્વનો સંદેશ છે. ઈસ્ટર અને ગુડફ્રાઈડે તેમજ ખજૂરીનો રવિવાર, જે રીતે ઉજવણી કરવામાં આવે છે, એના પરિપાક રીતે જ પચાસમાનો દિવસ વિશ્વાસ કરનારો દિવસ છે. સમાજ રાખના બુધવારથી જે ગણતરી કરતા ચાલીસ દિવસો ઉપવાસ સહિત પ્રાર્થનામાં ગાળે છે. પચાસમાના દિવસમાં ત્રણ શબ્દો મહત્ત્વના છે : સંગત, સામર્થ્ય અને સાક્ષી. જૂના કરારના લોકો આ ત્રણ પર્વ ઉત્સાહથી પાળતા. તેની પાછળ હેતુ રહેલા હતા.

(૧) પાસ્ખાપર્વ - કે બેખમીર રોટલીનું પર્વ (૨) પચાસમાનું પર્વ - એ મહેનતનું પ્રથમ ફળ, ખેતરની ઊપજ, કાપણીના પર્વ તરીકે ઉજવણી કરવામાં આવતી. (૩) માંડવાપર્વ - યહોવા ઈશ્વરની આરાધના આભારસ્તુતિ કરવા જવાનું પર્વ ગણાતું. યરૂશાલેમ પર ચઢી આવેલી સર્વ પ્રજાઓમાંના બચી ગયેલા દરેક જણ દરેક વર્ષો વર્ષ આરાધના માટે જતા. પ્રભુ ઈસુને પણ આ પર્વમાં તેમના માતપિતા માત્ર બાર વર્ષની ઉંમર હોવા છતાં લઈ જતાં. ત્યાં તેમણે ધર્મગુરુઓ અને મહાન પંડિતો સાથે ચર્ચા કરતા તેમને નિહાળ્યા. માબાપ પણ ઈસુના આવા વર્તનથી અજાણ હતા. ઈસુ જ્ઞાનમાં તથા કદમાં ને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતા ગયા. યોહાન બાપ્તિસ્મીએ ઈસુને બાપ્તિસ્મા આપ્યું, ત્યારે તેઓ પ્રાર્થના કરતા હતા. એટલામાં આકાશ ઊઘડી ગયું અને પવિત્ર આત્મા કબૂતરરૂપે તેમના પર ઊતર્યો. આકાશમાંથી એવી વાણી થઈ, 'તું મારો વહાલો દીકરો છે, તારા પર હું પ્રસન્ન છું,' ત્યારબાદ યરૂશાલેમનું મંદિર તેમણે સ્વચ્છ કર્યું. વેચનારાઓના બાજઠ હટાવ્યા અને પ્રાર્થનાનું મંદિર બનાવ્યું. આ પચાસમાંના પર્વનો સાચો અર્થ છે.

- લેખિકાએ માર્ચ, ૨૦૨૦ના ત્રીજા અઠવાડિયામાં આ છેલ્લો લેખ ખ્રિસ્તીબંધુ માટે લખ્યો.
- ૫, એપ્રિલ, ૨૦૨૦ના ખજૂરીના રવિવારની પ્રભાતે ૧૦ વાગ્યે, પ્રભુપિતાએ સ્વર્ગના નવા યરૂશાલેમમાં પ્રવેશ માટે તેમને બોલાવી લીધાં.

# કોરોના મહામારી

— ડૉ. છોટુભાઈ પરમાર, નડિયાદ

**ત્યારે જો મારા લોક, જેઓ મારા નામથી ઓળખાય છે, તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે; તો હું આકાશમાંથી તે સાંભળીને તેઓનાં પાપ માફ કરીશ, ને તેઓના દેશને સાજો કરીશ. ૨જો કાળવૃત્તાંત ૭:૧૪**

આખું વિશ્વ આજે કોરોનાની મહામારીથી જાણે સ્તબ્ધ થઈ ગયું છે. બીક અને ચિંતામાં છે. વિશ્વના મોટા મોટા દેશો જે મહાસત્તા ગણાય છે તેમાં લાખોની સંખ્યામાં "કોરોના" વાયરસથી સંક્રમિત છે. એની સાથે મરણના આંકડા હૃદયને હચમચાવી નાંખે છે. છેલ્લા છ મહિમાથી આ "કોરોના" એ જાણે કે લોકોના જીવ તાળવે બાંધી દીધા છે. રોજ સવાર થાય, સાંજ થાય લાખો સંક્રમિતોના કેસ વધે છે. લાખોના સમાચારો, ટીવી અને સમાચારપત્રોમાં આવ્યે જ જાય છે. અને જાણે કે આ "કોરોના" વાયરસ કયાં જઈને અટકશે તેનું શું પરિણામ આવશે, કયારે તે બંધ થશે ?

વિશ્વના બસો કરતા વધારે દેશોમાં આ "કોરોના" વાયરસ ફેલાઈ ગયો છે.

તેની શરૂઆત ઓકટોબર ૨૦૧૯માં ચીનના "વુહાન" રાજ્યમાં થઈ. ત્યાંની લેબોરેટરીમાં તેનું ઉદ્‌ભવસ્થાન થયું તેવું લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે. આની પાછળ ચીન દેશનું શું રહસ્ય હશે તે કોઈ જાણી શકતું નથી. શરૂઆતમાં પાંચ કેસ થયા. વિશ્વ અને યુરોપના જુદા જુદા દેશોમાં જેવા કે બ્રાઝિલ, ઈટાલી, જર્મની, ફ્રાન્સ, લંડન, કેનેડા, સ્પેન અને અમેરિકામાં મોટા પાયે તારાજી સર્જી છે. કહેવાય છે કે બીજા વિશ્વયુદ્ધમાં પણ આટલા માણસો મરણ પામ્યા ન હતા. તેમજ ૧૪મી સદીમાં મરકીના કારણે આટલા મરણ થયા ન હતા. અને એક સમાચાર મુજબ ૧૯ મી સદીની શરૂઆતમાં ૯૦ લાખ જેટલા માણસો મરણ પામ્યા. ઈઝરાયેલમાં ઈ.સ. ૧૯૩૪-૩૫માં હિટલરે ૬૦ લાખ યહૂદીઓને મારી નાખ્યા હતા. ગેસ ચેમ્બરમાં તેની યાદમાં એક મ્યુઝિયમ ઈઝરાયેલમાં છે. તેમાં ૬૦ લાખ મીણબત્તી છે તે સતત પ્રકાશ આપે છે આ એક કરુણતા કહી શકાય.

બાઇબલમાં મૂસાના સમયમાં તેમજ બીજા સમયમાં યશાયાના પુસ્તકમાં ઘણી વખત મરકીથી લાખો માણસો મરી ગયા હોય એવું લખવામાં આવ્યું છે. આ બધામા ભૂતકાળના સમયની વાત થઈ.

નૂહના સમયમાં જળપ્રલયથી પૃથ્વીનો નાશ કરવામાં આવ્યો. લોટ અને ઈબ્રાહિમના સમયમાં અગ્નિ અને ગંધકથી લાખો માણસો નાશ પામ્યા. પ્લેગ અને મરકીથી લાખો માણસો મરણ પામ્યા, સ્વાઈન ફ્લૂથી મરણ પામ્યા., આ બધું કદાચ ખ્રિસ્તીઓ તરીકે આપણે એવું જાહેર કરીએ છીએ કે આ તો પ્રભુનું આવવું નજદીક છે અને ન્યાયનો દિવસ આવવાનો છે તે પહેલા આ બધું થવાથી હજારો વર્ષો પહેલાં ભવિષ્યકથનો જો બાઇબલમાં આપેલા છે તે પૂરા થાય છે. આવો દાવો અને બાઇબલની સત્યતા જાહેર કરીએ છીએ અને એક પ્રકારનો ઈશ્વરનો કોપ ગણો કે પાપનું પરિણામ ગણો બાઇબલ કહે છે "પાપનો મુસારો મરણ છે."

આ બધું આપણી પેઢીમાં થયું છે માટે આપણે અને વિશ્વના મહાન રાજકારણીઓ, સત્તાધીશો, નેતાઓ ચિંતામાં છે અને ભવિષ્ય શું હશે તેની કોઈને ખબર નથી, પરંતુ એક વાત ચોક્કસ આપણું ભવિષ્ય આપણા ઉત્પન્નકર્તાના હાથમાં છે. એની ઈચ્છા વગર કંઈ પણ થઈ શકતું નથી અને આપણે ખ્રિસ્તીઓએ તો એમના પર જ વિશ્વાસ કરવાનો છે અને માત્ર પ્રાર્થના એક હથિયાર છે. આપણા માટે, કુટુંબ માટે, વિશ્વ માટે આ કોરોનાની મહામારીથી પ્રભુ બચાવે એજ વિનંતી કરવાની પછી બધું ઈશ્વરના હાથમાં સોંપી દેવાનું.

હવે પ્રશ્ન એ થાય છે કે શું આ પહેલાં આવો રોગ હતો .... જેમ સમય જાય છે તેમ રોગ તેનો પ્રકાર બદલે છે. અગાઉનાં વર્ષોમાં મરકી, ટી.બી., ટાઈફોઈડ, સ્વાઈન ફ્લૂ, પ્લેગ, ન્યુમોનીયા, કેન્સર, બી.પી. ડાયાબિટીસ, ડીપ્રેશન એવા અનેક રોગ હતા, પરંતુ એ બધાથી વધુ હાલના સમયમાં "કોરોના" ના લીધે જે બીક, ભય, ચિંતા માણસના જીવનમાં ઘર કરી ગઈ છે કે હવે શું થશે ? એવું પહેલાં ન હતું અને હતું તો તેને કોઈ તેના વિશે ગંભીર બન્યા નહી. વિશ્વમાં ઘણા બધા લોકો આજે પણ જુદા જુદા રોગથી મૃત્યુ પામે છે, પરંતુ હાલની પરિસ્થિતિ જુદા પ્રકારની છે. "કોરોના" થયો એટલે અંત આવી જશે એવી બીક અને ભય લોકોના જીવનમાં પેસી ગયાં છે.

# "It is well"

– નીલાંજના કોલીન્સ, મણિનગર

જ્યારે તમને જીવનમાં ઈશ્વરે યુવાન વકીલ તરીકે જ્વલંત કારકિર્દી સાથે એક મોટી લૉ ફર્મમાં વરિષ્ઠ ભાગીદારી આપી હોય, એક સફળ બિઝનેસમેન તરીકે નામના હોય અને સ્થાવર મિલકતોમાં પણ તમે મોટું મૂડીરોકાણ કરેલું હોય. તમારે સુંદર તથા ગુણીયલ પત્ની હોય અને વ્હાલાં રૂપકડાં પાંચ બાળકો હોય તથા તેમની દરેક ઇચ્છાઓ તથા જરૂરિયાતોને સંતોષવા માટે સુખ સમૃદ્ધિ આપ્યા હોય. આ સર્વ ઉપરાંત તમારા ચર્ચમાં પણ તમારી શાખ એક ઉમદા ખ્રિસ્તી વ્યક્તિ તરીકેની હોય, ડી. એલ. મૂડીસાહેબ જેવા ઈશ્વરના અદ્‌ભુત સેવકની મિત્રતા હોય ત્યારે ચોક્કસપણે તમે એમ કહી શકો કે, - "It is well".

પરંતુ જ્યારે જીવનમાં અણધાર્યા આઘાતજનક પ્રસંગો એટલે કે દુર્ઘટનાઓ એક પછી એક આવીને તમારું સર્વસ્વ તમારી પાસેથી ખૂંચવી લે ત્યારે એમ કહેવું - "It is well" શું શકય છે ?

હા, અયૂબની જેમ જ એક પછી એક દુર્ઘટનાઓને સહન કરનાર "હોરેશીયો ગેટ્‌સ સ્પાફોર્ડ"ના જીવનમાં પણ આ વાસ્તવિક બન્યું. તેમનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો, પરંતુ વ્યવસાર્થે તેઓ શિકાગોમાં સ્થાયી થયા હતા. જ્યાં તેઓ એક પ્રેસ્બિટેરિયન ચર્ચના વડીલ હતા અને એક ઉમદા ખ્રિસ્તી વ્યક્તિ તરીકે જાણીતા હતા તથા ઈશ્વરના મહાન સેવક ડી. એલ. મૂડી સાહેબના ખૂબ મોટા સમર્થક તથા મિત્ર હતા. તેમના પત્ની આન્ના પણ ચર્ચના સક્રિય મહિલા હતા, જેમનું ઘર મુલાકાતીઓ માટે હરહંમેશ ખુલ્લું રહેતું હતું. તેઓ અગ્રગણ્ય અમેરિકન વકીલ હતા અને એક મોટી લૉ ફર્મમાં વરિષ્ઠ ભાગીદાર પણ હતા. શિકાગોમાં તેમની ગણના એક સફળ બિઝનેસમેન તરીકે થતી હતી અને તેઓએ સ્થાવર મિલકતોમાં ખૂબ મોટું મૂડીરોકાણ પણ કર્યું હતું.

સૌ પ્રથમ દુર્ઘટના તેમના ચાર વર્ષના પુત્રના (Scarlet Fever) - ઝેરી તાવને કારણે થયેલ મૃત્યુના રૂપમાં આવી. પુત્રવિયોગથી દુ:ખી સ્પાફોર્ડને બીજો આંચકો બે વર્ષ પછી ૧૯૮૧માં શિકાગોમાં ભયાનક તારાજી વેરનાર The Great Fire of Chicago થી લાગ્યો. જેમાં ૩૦૦ લોકોએ પોતાનાં જીવનો ગુમાવ્યાં તથા આશરે ૧,૦૦,૦૦૦ કરતાં પણ વધારે લોકો ઘરવિહોણા બની ગયા હતા. જેમાં તેમનું મોટાભાગનું રોકાણ રાતોરાત ભસ્મીભૂત થઈ ગયું હતું, તેમ છતાં જેઓ દુ:ખી, ત્રસ્ત અને જરૂરિયાતમંદો હતા તેઓ પ્રત્યે ખ્રિસ્તનો પ્રેમ દર્શાવવાનું તેઓ ચૂકયા નહિ. પુન: બે વર્ષ પછી ૧૮૭૩ની આર્થિક મંદીમાં તેમનાં વ્યાવસાયિક હિતોને ખૂબ મોટી અસરો થઈ. દુર્ઘટનાઓની શૃંખલા એટલેથી અટકતી નથી, પરંતુ હજુ મોટો આઘાત તો તેમના જીવનમાં આવવાની રાહ જોઈ રહ્યો હતો.

પોતાના મિત્ર તથા શુભચિંતક તથા મહાન સુવાર્તિક ડી. એલ. મૂડીના યુરોપના આત્મિક જાગૃતિના અભિયાનમાં એટલે ક્રુસેડમાં જોડાવા તથા સહાયભૂત થવાની ઇચ્છા ધરાવતા હોવાથી તેમણે પોતાના પરિવાર સાથે યુરોપ પ્રવાસની યોજના બનાવી હતી. છેલ્લી ક્ષણે તેમની વ્યાવસાયિક જવાબદારીઓને કારણે સ્પાફોર્ડને શિકાગોમાં જ રોકાણ કરવાની ફરજ પડી, જેને કારણે તેમણે પોતાના પરિવારને એટલે પોતાની પત્ની આન્ના સ્પાફોર્ડ તથા ચાર પુત્રીઓ અગિયાર વર્ષની એની, નવ વર્ષની માર્ગારેટ-મેગી, પાંચ વર્ષની એલિસાબેત અને માત્ર બે વર્ષની ટાનેટ્ટાને

ફ્રેન્ચ જહાજ એસ. એસ. વિલે ડૂ હાવરેમાં પાછળથી તેમની સાથે જોડાઈ જઈ શકે તેવી અપેક્ષા સાથે આગળ મોકલી આપ્યા. તે સમયે તેમને સ્હેજ પણ અણસાર નહોતો કે પોતાની પ્રિય પુત્રીઓને તેઓ હવે કયારેય નહિ મળી શકે.

પોતાના પરિવારને ઇંગ્લેન્ડ મોકલ્યાના ચાર જ દિવસમાં સ્પાફોર્ડને આઘાતનજક સમાચાર પ્રાપ્ત થયા કે ૨૨ નવેમ્બર, ૧૮૭૩ના રોજ જે ફ્રેન્ચ શિપ એસ. એસ. વિલે ડૂ હાવરે જેમાં તેમનો પરિવાર યાત્રા કરી રહેલ હતો તેને એક ઇંગ્લિશ શિપ (Lochearn) લોચ અર્નની જોરદાર ટક્કર વાગતા આટલાન્ટિક મહાસાગરમાં જળસમાધિ લીધી છે. જેને ૧૯૧૨માં 'ટાઇટેનિક'ની કરુણ ત્રાસદી પહેલાં બનેલ મોટી દુર્ઘટના ગણાવવામાં આવે છે. જેમાં સ્પાફોર્ડની ચારેય પુત્રીઓ સહિત બસો છવ્વીસ લોકોએ પણ પોતાના જીવ ગુમાવ્યા.

નોંધપાત્ર બાબત એ બની કે એક પાટિયા પર તરી રહેલા બીજા લોકો સાથે આન્ના સ્પાફોર્ડને બેભાન સ્થિતિમાં બચાવી લેવામાં આવ્યા. જેના થોડા દિવસો બાદ તેઓ વેલ્સ, કાર્ડિફ પહોંચ્યા. જ્યાંથી આન્નાએ પોતાના પતિને માત્ર છ શબ્દોનો ટેલિગ્રામ મોકલ્યો - "Saved alone, what shall I do?" પત્નીનો સંદેશ પ્રાપ્ત થતાં સાથે જ સ્પાફોર્ડ પોતાની દુ:ખિત પત્ની પાસે પહોંચી જવા ઇંગ્લેન્ડ જવા તત્કાળ રવાના થયા. તે યાત્રા દરમિયાન તેઓ આટલાન્ટિક મહાસાગરના એજ સ્થળે આવી પહોંચ્યા, જ્યાં એસ.એસ. વિલે ડૂ હાવરે સાથે તેમની અતિ પ્રિય પુત્રીઓએ અનંત જળનિધિમાં પોઢી ગઈ હતી. જહાજના કપ્તાને તેમને ડેક ઉપર બોલાવીને તે સ્થળ દેખાડ્યું કહ્યું કે, આપણે અત્યારે એ સ્થળ પાસેથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે દુ:ખના અફાટ સમુદ્ર વચ્ચે ઘેરાયેલા સ્પાફોર્ડ પોતાની કેબિનમાં પરત આવી ગયા. તેમની પુત્રી બર્થા સ્પાફોર્ડ વેસ્ટર જેનો આ શોકપૂર્ણ ઘટના પછી જન્મ થયો હતો, તે લખે છે કે, તે મુસાફરી દરમ્યાન મારા પિતાએ આ મહાન સ્તોત્રની રચના કરી હતી.

ઈશ્વર સમક્ષ ન તો કોઈ દાદ કે ન કોઈ ફરિયાદ, માત્ર સ્પાફોર્ડે પોતાના ભગ્ન હૃદયના ઉદ્ગારોને એક સ્તોત્રના રૂપમાં વર્ણવ્યા છે, જે આજે અદ્ભુત અજોડ અને અમર કાવ્ય કે ગીતના રૂપમાં ખ્યાતનામ છે.

When peace, like a river, attendeth my way,
When sorrows like sea billows roll;
Whatever my lot, Thou has taught me to say,
It is well, it is well, with my soul.
***It is well, with my soul, It is well, with my soul,***
***It is well, it is well, with my soul.***
Though Satan should buffet,
though trials should come,
Let this blest assurance control,
That Christ has regarded my helpless estate,
And hath shed His own blood for my soul.
***(refrain)***
My sin, oh, the bliss of this glorious
thought!
My sin, not in part but the whole,
Is nailed to the cross, and I bear it no more,
Praise the Lord, praise the Lord, O my soul!
***(refrain)***
And Lord, haste the day when my faith shall
be sight,
The clouds be rolled back as a scroll;
The trump shall resound,
and the Lord shall descend,
Even so, it is well with my soul.
***It is well, with my soul, It is well, with my soul,***
***It is well, it is well, with my soul.***

સ્પાફોર્ડ તથા તેમના પત્ની હાન્નાનો ઈશ્વર પરનો અતૂટ વિશ્વાસ લગીરે ચલિત થયો નહોતો. સ્પાફોર્ડે

પોતાના પત્નીની એક બહેનને પત્રમાં લખ્યું હતું કે **"જ્યારે અમે ગુરુવારના દિવસે તે જગ્યાએથી પસાર થઈ રહ્યા હતા, જ્યાં મધદરિયે ત્રણ માઈલ ઊંડા પાણીમાં જહાજ ડૂબી ગયું, પણ હું એમ ધારતો નથી કે મારાં પ્રિયજનો ત્યાં છે, તેઓ તો હલવાનના હાથમાં સુરક્ષિત છે."** તેમનાં પત્ની સહજપણે અત્યંત માનસિક પરિતાપ, હતાશા અને વેદનાથી ઘેરાયેલ હતાં, છતાં તેની મધ્યે પણ ઈશ્વરના ઝીણા અને કોમળ સ્વર પ્રત્યે તેઓ સભાન હતાં જે તેમને જણાવી રહ્યો હતો કે, **"તને ચોક્કસ હેતુ માટે બચાવી લેવાયેલ છે."**

આપણા ભજન સંગ્રહમાં **"મારે માટે ફરીથી ગા અજબ જીવંત શબ્દો"** તથા **"યાત્રા છે મારી છે સિયોન ભણી, આખી વાટ દિસે છે ઈસુ"** જેવાં ભજનોની ભેટ આપનાર કવિ ફિલિપ બ્લિસ જે સ્પાફોર્ડના મિત્ર હતા. તેઓ આ અદ્‌ભુત ગીતના હૃદયસ્પર્શી શબ્દો અને અભિવ્યક્તિથી એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે તેની સંગીતની બાંધણી કરી તથા વિલે ડૂ હાવરે દુર્ઘટનાગ્રસ્ત જહાજના નામ પરથી આ ગીતને **"વિલે ડૂ હાવરે"** નામ આપ્યું. સેન્કી અને બ્લિસની ભજનાવલિમાં પ્રથમ વખત ૧૮૭૬માં ભજન નંબર – ઉપર પ્રકાશિત થયું.

આજે પણ ૧૪૦ વર્ષો પછી પણ આ ભજન દરેક દેશમાં એટલા જ ભક્તિભાવ સાથે ગાવામાં આવે છે. જ્યારે આ ભજન આપણે સાંભળીએ ત્યારે ઈશ્વરના પ્રેમ પ્રત્યે આભારીભાવથી આપણાં હૃદયો ઊભરાઈ જાય છે. આ અદ્‌ભુત ગીતમાં કવિના હૃદયમાંથી ઈશ્વરની શાંતિ જે નદીની જેમ વહી રહી છે તેની અનુભૂતિ આપણે કરી શકીએ છીએ. કવિના પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના દૃઢ વિશ્વાસ તથા તેમના પુનરાગમનની મૂલ્યવાન આશા જે આવા અનુભવોમાંથી પસાર થઈ રહેલાં દુ:ખિત હૃદયો અને આત્માઓ માટે દિલાસો આપનાર પ્રેરણાસ્રોત બની રહે છે.


જાહેરાત

# આભાર પત્ર

**"પુનરુત્થાન તથા જીવન હું છું, જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે." (યોહાન ૧૧:૨૫)**



મારા વહાલા પતિ, બાળકોના પિતા **રાજેશ રમેશભાઈ વ્યાસ** તારીખ ૧૪-૦૬-૨૦૨૦ના રોજ ૫૬ વર્ષનું ભરપૂર અને આશીર્વાદિત જીવન જીવી પ્રભુની ગોદમાં સદાને માટે વિસામો પામ્યા છે. આકસ્મિક હૃદયરોગના હુમલા દરમિયાન હોસ્પિટલમાં તથા તેમના મરણ પ્રસંગે અમારી મુલાકાત લીધી, દિલાસો તથા ઉત્તેજન આપવા તેમજ પ્રાર્થનામાં ધરી રાખવા બદલ આપ સર્વનો આભાર માનીએ છીએ. તેમજ તારીખ ૧૫-૦૬-૨૦૨૦ના રોજ દફનક્રિયા પ્રસંગે સી.એન.આઈ. રાયખડના પાળક રેવ. મનોજકુમાર ગોહિલ સાહેબ, રેવ. ડો. હેમંતકુમાર પરમાર સાહેબ, રેવ. ડો. નિકોલસ પરમાર સાહેબ, રેવ. ડેવિડ દેસાઈ સાહેબ, રેવ. આર્થર રજવાડી સાહેબ, રેવ. એલ્વિન સાવલે સાહેબ, ડિસુ. રેવ. ઈમાનુએલ કાન્ત સાહેબ (એક્ઝીક્યુટીવ સેક્રેટરી મેથોડિસ્ટ મંડળી), જીટીબીએસ ટ્રેઝરર અજય ક્રિશ્ચિયન, બ્રિઝ. આસી. પોલ ક્રિસ્ટી, કમિટી મેમ્બર સુનિત મેકવાન, લોઈડ ક્રિશ્ચિયન, જીટીબીએસ સ્ટાફ અને એજન્ટ મિત્રો, રાયખડ મંડળીના ભાઈ-બહેનો, સ્તુતિ ફ્લેટના રહીશો તેમજ સગાંવહાલા મિત્રો મોટી સંખ્યામાં હાજર રહીને અમારા દુ:ખમાં સહભાગી બન્યા અમને દિલાસો આપવા પ્રાર્થના તથા પ્રભુનાં વચનો દ્વારા ઉત્તેજન, બળ પૂરું પાડ્યું તે બદલ સર્વનો આભાર માનીએ છીએ. તેમજ પરદેશથી સગાવહાલાઓએ ફોન અને સોશિયલ મીડિયા દ્વારા દિલાસો પૂરો પાડ્યો સર્વનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ. આપની અંગત પ્રાર્થનાઓમાં અમારા કુટુંબને ધરી રાખશો તેવી વિનંતી કરીએ છીએ.

**પ્રભુમાં દિલાસીત,**

**પત્ની : કિરણ રાજેશ વ્યાસ**

**દીકરી-જમાઈ : લીઝા આકાશ શર્મા - આકાશ એસ. શર્મા તથા પરિવાર**

**દીકરો : રોહન રાજેશભાઈ વ્યાસ તથા સમગ્ર પરિવાર**

**સરનામું : બી-૧/૧૦, સ્તુતિ એપાર્ટમેન્ટ, ન્યુ લાલભાઈ સેન્ટર પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮.**

**મો. નં. : ૯૧૭૩૪૯૫૫૩૦, ૯૭૨૫૫૨૭૮૧૬**

# ગુલાંટ મારી

– રેવ. જોન ઉપાધ્યાય, ભાવનગર

ગુલાંટ મારવી એટલે ઊંધા મોઢે ફરી જવું. આપણે નાનાં બાળકોને આવી રીતે ગુલાંટ મારતાં જોયા છે, પણ મારે અહીં વાત કરવી છે મોટેરાની; વડીલોની, કુટુંબના વડાઓની જેઓએ નિર્ણય તો લીધો હોય છે, પરંતુ સમય, સંજોગો પ્રમાણે ગુલાંટ મારી ફરી જાય છે.

આ બાબતને સમજવા માટે આપણે ઈસ્રાએલ પ્રજા મિસરની ગુલામીમાં હતી તે સમયમાં ડોકિયું કરવું પડશે.

નિર્ગમન ૩:૭-૯માં જણાવ્યા મુજબ ઈશ્વરે ઈસ્રાએલ પ્રજાનાં દુ:ખદર્દ જોયા, તેમના વિલાપને જોયા તેથી ગુલામગીરીમાંથી છોડાવવાને માટે પ્રભુ નીચે ઊતરી આવ્યા, બીજા શબ્દોમાં કહીએ તો ગુલામગીરીમાંથી છોડાવવાનું કામ પ્રભુએ જાતે હાથ ધર્યું. આ કાર્ય કરવા તેમણે મૂસા તથા હારૂનનો ઉપયોગ કર્યો. મૂસા તથા હારૂન, ફારૂન રાજા પાસે ઈસ્રાએલ પ્રજાને ત્રણ દિવસની મજલ જેટલે દૂર જવા, ભજન કરવા માટેની માગણી કરે છે. ફારૂન રાજા જેનો સરેઆમ નકાર કરે છે. પ્રભુ જુદા-જુદા અનર્થોને લાવીને ક્રમશ: ફારૂનને ઢીલો પાડે છે અને જુદી જુદી શરતો મૂકીને ઈસ્રાએલ પ્રજાને પકડી રાખવાના પ્રયત્નો કરે છે. ફારૂન રાજાએ મૂસા, હારૂન અને વડીલો સમક્ષ શરતો મૂકી તે આ પ્રમાણે હતી :

(૧) આ દેશમાં તમારા દેવને સારુ યજ્ઞો કરો. નિર્ગમન ૮:૨૫

(૨) બહુ દૂર ન જશો. નિર્ગમન ૮:૨૮

(૩) તમે મોટામોટા જાવ. નિર્ગમન ૧૦:૧૧

(૪) તમારાં બાળકો અને ઢોરઢાંકને મૂકીને જાવ. નિર્ગમન ૧૦:૨૪

જેનો મૂસા તથા હારૂને સ્વીકાર કર્યો નહીં. ત્યારબાદ પ્રભુએ પોતાના સમર્થ ભુજો વડે ઈસ્રાએલ પ્રજાને ગુલામગીરીમાંથી છોડાવી. અરણ્યમાં ૪૦-૪૦ વર્ષ મેઘસ્તંભ અને અગ્નિસ્તંભથી દોરી, સ્વર્ગીય અન્ન માન્ના દ્વારા પોષણ કર્યું અને વચનના પ્રદેશ તરફ દોરતા ગયા. યરદનની પાર પ્રભુએ તેઓની વતી લડાઈ કરી ઓગ-સીહોન રાજાઓને હરાવ્યા. ઈસ્રાએલ પ્રજાને મોટા પ્રમાણમાં લૂંટ મળી. પ્રદેશો, રાજ્યો મળ્યા. પરંતુ વચનના પ્રદેશમાં પહોંચવાનું હજુ બાકી હતું. (યહોશુઆ ૧૨:૧-૫)

ઈસ્રાએલ પ્રજાના બે તથા અડધા કુટુંબે જે ગુલાંટ મારી તે વાત કહેવી છે : યરદનને પેલેપાર જે લૂંટ, ફળદ્રુપ પ્રદેશો મળ્યા હતા તેને જોઈને રૂબેનના કુળને તથા ગાદના કુટુંબને લોભ લાગ્યો અને મૂસા તથા હારૂન આગળ માગણી કરી કે અમોને યરદનને આ પાર રહેવા દો, અમારાં બાળકો અને ઢોર-ઢાંક અહીં રહેશે. અમારે વચનના પ્રદેશમાં તેઓને લઈ જવા નથી અને વચનના પ્રદેશમાં અમે હિસ્સો માંગીશું નહીં, આ ઉપરાંત અમે મોટા માણસો વચનનો પ્રદેશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાથે રહીશું (ગણના ૩૨). આ એ જ લોકો હતા કે એક સમયે ફારૂનની જે શરતો પૈકી તમારાં બાળકો અને ઢોરઢાંકને મૂકીને જાય તેનો ઈનકાર કર્યો હતો. તેજ લોકોએ ગુલાંટ મારીને યરદનને પેલે પાર પોતાનાં બાળકો અને ઢોરઢાંકને મૂકવા રાજી થઈને માગણી મૂકે છે. બંને મોટા મોટા

જાવ એ શરત પાળવા તૈયાર થઈ જાય છે. આથી તેઓની માગણી મુજબ પ્રદેશો આપ્યા (પુન. ૩:૧૨-૧૩) પણ તેના માઠાં પરિણામો ભોગવવાં પડ્યાં (ન્યા. ૧૦:૬-૯, ૨ રાજા ૧૫:૨૯, ૧ કાળ. ૫:૨૬) આ શાસ્ત્ર જરૂરથી વાંચશો.

સાંપ્રત સમયમાં માતાપિતા પોતાને યોગ્ય લાગે તેમ વર્તે છે. પોતાનાં બાળકોનાં શૈક્ષણિક શિક્ષણ ઉપર વધારે ધ્યાન આપે છે અને સન્ડેસ્કૂલના શિક્ષણ, પ્રભુની ઓળખથી, તેમના જ્ઞાન, ડહાપણ મેળવવાથી દૂર રાખે છે. અન્ય ધર્મી મિત્રોની સંગતને કારણે પ્રભુથી દૂર જાય છે, કુટેવોનો ભોગ બને છે. પ્રભુ ઈસુએ કહ્યું હતું કે **બાળકોને મારી પાસે આવવા દો, તેઓને વારો મા કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે.** (લૂક ૧૮:૧૬) પરંતુ બાળકો દેવનાં રાજ્યને શોધવામાં મન લગાડતાં નથી અને સ્વર્ગીય વારસાથી વંચિત રહી જાય છે. માતાપિતા બાળકના બાપ્તિસ્મા સમયે તેના આત્માથી કાળજી લેવાની ખાત્રી આપે છે પણ મોટા થતા બાળકોના સંબંધમાં ગુલાંટ મારે છે.

આજ પ્રમાણે ઢોર-ઢાંક, નોકરી-ધંધા વગેરે સંબંધમાં પણ એમ જ બને છે. નોકરી-ધંધા વગેરેને પ્રથમ સ્થાન આપી શાંત સમય, કૌટુંબિક પ્રાર્થના વેદી, ભક્તિસભામાં ભાગ લેવા જેવી બાબતોને ગૌણ સ્થાન આપે છે. પરિણામે આત્મિક આશીર્વાદો ગુમાવે છે.

ચરદનની પાર વારસો મેળવવાની ક્ષણિક લાભકારક બાબતને મહત્ત્વ આપી, રૂબેન, ગાદ અને મનાશ્શેહનાં અર્ધકુટુંબે નુકસાન વહોરી લીધું તેવું આપણાંથી ન થાય તે માટે સાવધ રહીએ. જગતની મોહમાયામાં ફસાઈને દેવના રાજ્યને શોધવામાં આપણે ગુલાંટ ન મારીએ.


જાહેરાત

## આભાર પત્ર

**આકાશમાં મારો છે મુકામ, મને તો છે ખાતરીઃ**
**ત્યાં નોંધાવ્યું છે મારું નામ, ને મુક્તિ છે મારી.** (ભજનસંગ્રહ)



**કમળાબહેન ડેનિયલ ભરૂચા**
જન્મ તા. ૨૧-૦૯-૧૯૩૩
મરણ તા. ૧૧-૦૫-૨૦૨૦

અમારાં વ્હાલાં મમ્મી અને પૌત્ર-પૌત્રીઓના વ્હાલાં દાદી **શ્રીમતી કમળાબેન ડેનીચલ ભરૂચા** (પુરષોત્તમદાસ ક્રિશ્ચિયન) ૮૬ વર્ષનું આશીર્વાદિત અને સમૃધ્ધ આયુષ્ય ભોગવી તા. ૧૧-૦૫-૨૦૨૦ ને સોમવારે સવારે ૧૧-૦૦ કલાકે ટૂંકી માંદગી ભોગવી આ પૃથ્વી પરની પોતાની જીવનની દોડ પૂરી કરી ઈશ્વરપિતાની હજૂરમાં સદાને માટે પહોંચી ગયાં છે. આ પૃથ્વી પરના તેમના ઉત્તમ જીવન માટે અને આવા અદ્‌ભુત **"મા"** અમને પૂરા પાડવા બદલ અમે ઈશ્વરપિતાના પુષ્કળ આભારી છીએ.
આ કપરી પરિસ્થિતિમાં અને સંજોગો અનુકૂળ ન હોવા છતાં તા. ૧૧-૦૫-૨૦૨૦ ના રોજ સાંજે ૪-૦૦ કલાકે તેમની દફનક્રિયા પ્રસંગે ઉપસ્થિત રહી કુટુંબને દિલાસો અને સાંત્વન પૂરા પાડવા બદલ રાઈટ રેવ. બિશપ સિલ્વાન્સ ક્રિશ્ચિયન સાહેબ, રાઈટ રેવ. બિશપ માલવિયા સાહેબ, રેવ. ડૉ. હેમિલ્ટન રૉય, કુટુંબીજનો તથા સોસાયટીના રહીશોનો અને વિદેશમાં વસતા સગાં-સંબંધી, મિત્રોએ ફોન દ્વારા અને રૂબરૂ મુલાકાત લઈ જે દિલાસો અને સાંત્વન પૂરા પાડયા છે તે બદલ અમે તેઓનો તથા ઈશ્વરપિતાનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.
આપની અંગત તથા કૌટુંબિક પ્રાર્થનાઓમાં અમારા દુઃખીત પરિવારને ધરી રાખશો.

**પુનરુત્થાનની મહાન આશામાં પ્રભુમાં દિલાસીત,**

પુત્ર : **લિનસન (રાજુ) ભરૂચા** પુત્રવધૂ : **મોના**
પુત્ર : **સેસિલ (રાકેશ) ભરૂચા** પુત્રવધૂ : **મંદા**
દીકરી : **સ્વાતિ** જમાઈ : **મધુ ક્રિશ્ચિયન**
પૌત્રી : **રેચલ** જમાઈ : **એલેક્ષ**
પૌત્ર : **ઈવાન્સ, રોહન**
પૌત્રી : **એની**

# અભિમાન એ જ અભિશાપ

– જયપ્રકાશ રૉય, નડિયાદ

માણસ એક સામાજિક પ્રાણી છે, એવું સુવાક્ય આપણે ઘણી બધી વાર સાંભળીએ છીએ.

માણસનો સહુથી મોટો શત્રુ માણસ જ છે, એવું પણ કહેવાયું છે. આમ હોવા છતાં માણસને માણસ વિના ચાલતું નથી, અને બાઈબલનાં મૂલ્યવાન વચનોમાં યર્મિયા ૯:૨૩ માં યહોવા કહે છે કે જ્ઞાની પોતાના જ્ઞાન વિષે - અભિમાન ન કરે, તેમ જ બળવાન પોતાના બળ વિશે અભિમાન ન કરે, વળી ધનવાન પોતાના ધન વિષે અભિમાન ન કરે. સાચે જ આ વચનોને જગત પરના મનુષ્યોએ તેનું મનન કરીને સમજવા જ રહ્યા. હાલની "કોરોના વાઈરસ"ની પરિસ્થિતિએ મનુષ્યજાતને ખૂબજ હચમચાવી નાખી છે.માણસજાતનું આ દુનિયામાં આવવું એ પ્રભુબાપથી આયોજિત થયેલું છે ને જીવન અને મરણ એ ઈશ્વરપિતાએ પોતાના હાથની સત્તામાં મૂકેલા છે, એ આપણે સૌ જાણીએ છીએ, અને સમજી પણ શકીએ છીએ. તેમ છતાં જે વચનો યર્મિયા ૯:૨૩ માં કહેલાં છે. તેમાં જતા રહીએ છીએ જે એક બહુ મોટી ભૂલ જ કહેવાય.

૨૦૨૦ની શરૂઆતના બે મહિના પછી જગતભરમાં જે "કોરોના વાઈરસ" ની મહામારી શરૂ થઈ છે તે આપણે જાણીએ છીએ. સાથે સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત સમાચારો વોટ્સએપમાં આવતા સ્ટીકર અને વીડિયો પર જ્યારે આપણી નજર પડે છે ત્યારે માનવમન રડી પડે છે. તેનું કારણ એ છે કે તમારી પાસે બધું જ હોવા છતાં ઈશ્વર તરફથી એક એવો સમય આવે છે કે તમે કંઈ જ કરી શકતા નથી. ને પરિસ્થિતિને તાબે થવું પડે છે. ન્યાયાધીશોના પુસ્તકમાં સામસૂન વિશેની વાત જણાવવામાં આવી છે. તે ખૂબ જ બળવાન અને શૂરવીર પુરુષ તરીકે જાણીતો હતો અને તેનું તેને અભિમાન હતું પણ એના જીવનમાં એક એવો સમય આવે છે કે તે કંઈપણ કરી શકતો નથી. કરિંથીઓને બીજો પત્ર ૧૨:૧ અભિમાન કરવું તે ફાયદાકારક નથી. અને ૧૧ મી કલમ હું (અભિમાન કરીને) મૂર્ખ બન્યો છું. મનુષ્યજાત આ જગતમાં એક પ્રવાસી તરીકે આવે છે, એ પ્રવાસ કેટલો લાંબો સમય ચાલશે અને એમાં તે કઈ જગ્યાઓમાં રહેશે તે પોતે પણ જાણી શકતો નથી. તો પછી અભિમાન કઈ વાતનું કરવું ? કાલે કે કલાક પછી શું થવાનું છે તે વાત આપણે જાણી શકતા નથી. તો પછી ધન, દોલત, શોહરત કે પછી મોભાદાર જીવાતું જીવન ખરેખર પ્રભુની બીકમાં અને પ્રભુબાપે બતાવેલા સારા માર્ગમાં જ આગળ વધવું જરૂરી છે.

એક શ્રીમંત શેઠે એક સાધુને પોતાને ત્યાં જમવા બોલાવ્યા. તે વખતે પોતાની સમૃદ્ધિના અભિમાન માં તે આદર સત્કાર કરવાનું ભૂલી જઈ સાધુને કહેવા લાગ્યો કે જુઓ સાધુબાબા, સામા દરવાજાથી પેલા બંગલા સુધી આપણી હદ છે. મારી મિલ પણ છે. તમારા જેવા ગરીબ સાધુઓ ભૂખે ન મરે તે વિચારીને એક સેવાક્ષેત્ર પણ ખોલવું છે તે અવસર આવશે ત્યારે થશે. સાધુને ખ્યાલ આવી ગયો કે આ ખૂબ અભિમાની શેઠ છે. આનું અભિમાન છોડાવું જોઈએ, તેથી ઘરની ભીંત પરનો નકશો બતાવી પૂછ્યું, શેઠ આ પૃથ્વીના નકશામાં હિન્દુસ્તાન કયાં આવ્યું ? શેઠે તે બતાવ્યું. તેમાં મુંબઈ કયાં છે ? શેઠે એક મીંડા પર આંગળી મૂકી બતાવ્યું "બસ આવડું જ મુંબઈ ? ઠીક ત્યારે તમારા બંગલા અને તેમાં રહેનારા તમારા છોકરાઓ બતાવશો ?" શેઠ કહે "તે કાંઈ પૃથ્વીના નકશામાં હોય ?" સાધુએ કહ્યું "જ્યારે પૃથ્વીના નકશામાં તમારી સમૃદ્ધિનું નામનિશાન નથી તો તેનું અભિમાન શા માટે ?" શેઠ સાધુનું કહેવું સમજી ગયા અને ત્યારથી ગર્વ છોડી પુણ્યના માર્ગે વળ્યા. "પણ જે કોઈ અભિમાન કરે તે આ વિષે અભિમાન કરે કે તે સમજીને મને ઓળખે છે કે હું પૃથ્વી પર દયા, ન્યાય તથા નીતિ કરનાર યહોવા છું. કેમ કે એઓમાં મારો આનંદ છે, એમ યહોવા કહે છે."

# જીભ

– શિરિષચંદ્ર મહેતા, ગોધરા

જીભ એ મોંમાં આવેલ સ્નાયુ છે. તે હાડકા વગરનો છે. બાઈબલની દૃષ્ટિએ યાકૂબનો પત્ર ૩:૫-૧૦ તેનું વર્ણન કરેલ છે. તે નીચે મુજબ છે.

જીભ એક નાનો અવયવ છે. છતાં મોટી મોટી બડાશ મારે છે. જુઓ, કેટલો થોડો અગ્નિ કેટલા મોટા વનમા દવ લગાડે છે. જીભ તો અગ્નિ છે દુષ્ટતાનું જગત છે. આપણા અવયવમાં જીભ એવી છે કે તે આખા શરીરને મલિન કરે છે. તે ભૂમંડળને સળગાવે છે. અને પોતે નરકથી સળગાવવામાં આવેલી છે. કેમ કે દરેક જાતનાં જાનવરો, પક્ષીઓ, પેટે ચાલનારાઓ તથા સમુદ્રમાં રહેનાર પ્રાણીઓ વશ થાય છે. અને માણસોએ તેમને વશ કર્યા છે. પણ જીભને કોઈ માણસ વશ કરી શકતું નથી. તે બધે ફેલાતી મરકી છે અને પ્રાણઘાતક ઝેરથી ભરપૂર છે. એનાથી આપણે પ્રભુ પિતાની સ્તુતિ કરીએ છીએ અને એનાથી દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન થયેલા માણસોને શાપ પણ દઈએ છીએ. એક જ મોંમાંથી સ્તુતિ અને શાપ નીકળે છે.

### જીભ વિશે જાણવા જેવું

(૧) જીભ એ શરીરનો સૌથી મજબૂત સ્નાયુ છે.

(૨) આપણા શરીરમાં જીભ એવો સ્નાયુ છએ કે જેનો એક છેડો ખુલ્લો છે. અને બીજો છેડો ગળામાં જોડાયેલો છે.

(૩) જીભ ઉપર થયેલી ઈજા સૌથી ઝડપથી મટી જાય છે.

(૪) ફિંગર પ્રિન્ટની જેમ દરેક વ્યક્તિની જીભની સપાટીની છાપ પણ અલગ હોય છે.

(૫) જીભ ઉપર ૩૦૦૦ કરતા વધુ સ્વાદગ્રંથિઓ હોય છે.

(૬) જીભ ઉપરની સ્વાદગ્રંથિઓ દર દસબાર દિવસે નાશ પામીને નવી ઉત્પન્ન થયા કરે છે.

(૭) આપણે કેટલાક શબ્દો બોલવામાં જીભનો ઉપયોગ ફરજિયાત કરવો પડે છે.

### જીભ સુધરી જાય તો, જિંદગી સુધરી જાય

માણસની ઉન્નતિ અને અધોગતિનો તમામ આધાર જીભ પર છે. માટે આપણે વાણી ઉચ્ચારતા પહેલાં વિચાર કરવો કે મારી વાણી બોલવાથી શું પરિણામ આવશે. મારા શબ્દો કોઈના ઘા માટે મીઠું બનશે કે મલમ. કૌટુંબિક જીવનમાં શાંતિ, પ્રેમ અને સંપ ચાહતા હોઈએ તો બને ત્યાં સુધી ઓછું બોલવું. અને બોલવું હોય તો મીઠાશભર્યું બોલવું અને શબ્દો વાપરવામાં કંજૂસાઈ કરવી. સાચી અને સારી વાત આપણે સામેની વ્યક્તિને કહેવી હોય તો કડવાશભર્યા શબ્દોમાં ના કહેવી જોઈએ. આપણે સૌને નમ્ર ભાવે, મીઠાશથી કહેવું.

શરીર રોગની ખાણ છે. સંસાર શોકની ખાણ છે. વાણી દુ:ખની ખાણ છે. અને વિવેક સુખની ખાણ છે. વૃદ્ધિ અને વિનાશ બંને જીભને આધીન છે. જીવ આપીને જશ મેળવી શકાતો નથી. તે સારી જીભ વાપરીને મેળવી શકાય છે. જેથી આપણે હંમેશાં વાણી બોલવામાં વિવેક રાખવો જોઈએ.

વાણીનો અદ્‌ભુત પ્રભાવ છે. કડવું બોલવાવાળું મધ વેચાતું નથી. અને મીઠું બોલનારનું મરચું પણ વેચાઈ જાય છે. જો આપણે હળવાશથી બોલીએ તો કોઈની સાથે કડવાશ નહીં થાય. મોટેભાગે આપણા જીવનમાં જે લડાઈ થઈ કે હાલમાં ચાલી રહી છે તેની પાછળ બીનજરૂરી ચલાવેલી જીભનો ફાળો મહત્ત્વનો હશે.

કોઈના હૃદયને દુ:ખ થાય તેવા કઠોર વચન ન બોલવા કયારેય અપશબ્દ ન બોલવો. વાણી ઉચ્ચારવાથી તેવી વાણી બોલનારની જ કિંમત થાય છે. માટે આપણે વ્યવહારમાં જરૂર પૂરતા શબ્દો બોલનારા આપણે બને જઈએ તો આપણી જિંદગીમાં આનંદ અને સુખ ભરાઈ જશે.

વાણીને આપણે બહુ જ વિચારીને વાપરવી જોઈએ, વાણીને આપણે દૂધની જેમ વાપરવી જોઈએ પાણીની જેમ નહિ. તેથી આપણે આપણી જીભ ઉપર સંયમ કેળવવા માટે પ્રયત્નશીલ બનીએ. જેટલો જીભ ઉપર સંયમ કેળવીશું તેટલા આપણે વધુ સુખી થઈશું. જો આ દુનિયામાં માણસે સુખી થવું હોય તો હંમેશાં વિનય અને વિવેકસભર મીઠીવાણી બોલવી જોઈએ જેથી કોઈના હૃદયને આઘાત ન લાગે.

# પ્રેમની પરાકાષ્ઠા

– મેજર વી. કે. પરમાર, આણંદ

પ્રેમની પરાકાષ્ઠા એવી છે, કે જેને કોઈ રોકી શકે નહિ. તેને કોઈ અંતર કે અવરોધ નડતો નથી. પ્રેમને ઈશ્વરની સાથે સીધો સંબંધ છે માટે કહ્યું છે કે God is love દેવ પ્રીતિ છે. ઈસુએ પણ પોતાના જીવનના સેવાકાળ દરમિયાન પ્રેમને મહત્ત્વ આપ્યું છે. એટલે તો પ્રેમની નવી આજ્ઞા આપી છે ને કહ્યું "જેવો તું પોતાના પર પ્રેમ રાખે છે એવો જ પ્રેમ તારા પાડોશી પર પણ કર" (માથ્થી ૨૨:૩૮,૩૯).

પ્રેમ એ પ્રાકૃતિક સ્વભાવ છે. જે દરેક માણસ જાતમાં, પશુ-પંખીમાં પણ રહેલો હોય છે. પ્રેમ જ સર્વસ્વ છે. તેની પ્રતીતિ કરાવતાં પ્રેરિત પાઉલ ૧ કરિંથી ૧૩ માં અજાયબ જેવું વર્ણન કરે છે તે પ્રેમ વિશે કહે છે કે જેના હૃદયમાં પ્રેમનો અભાવ છે તે રણકાર કરનાર પિત્તળ કે ઝમકાર કરનાર ઝાંઝના જેવું છે વળી તે જણાવે છે કે જો મારામાં પ્રેમ નથી તો મારી પાસે બધાં જ તાલંતો હોય તો પણ તે કંઈ  જ નથી. ખરા હૃદયનો પ્રેમ જ ટકી રહે છે. તેને કોઈ અંતર કે અવરોધ નડતો નથી. ઈશ્વર અને માણસ વચ્ચેનું કેટલું બધું અંતર છે તેમ છતાં દેવે જગત પર પ્રેમ દર્શાવ્યો અને તેના પ્રતિફળ સ્વરૂપે પોતાના એકાકીજનિતપુત્ર ઈસુને માનવસ્વરૂપે આ જગતમાં મોકલી આપ્યા હતા કે જેનાથી આપણું તારણ થાય અને અનંત જીવન મળે (યોહાન ૩:૧૬).

એજ પ્રમાણે ચંદ્ર અને સાગરનો વિચાર કરો. ચંદ્ર આકાશમાં ઊગે છે અને સમુદ્રમાં ભરતી આવે છે. સૂર્ય અને કમળનો વિચાર કરો કે, સૂર્ય આકાશમાં ઊગે છે ત્યારે કમળ ખીલી ઊઠે છે. સૂર્યમુખીનું ફૂલ પણ એવું જ છે.

જેને પ્રેમની અનુભૂતિ થઈ છે એવા એક કવિએ પ્રેમ વિશે આ પ્રમાણે  લખ્યું છે "જ્યાં પ્રેમનો વાસો છે ત્યાં પ્રભુ સદા રહે છે." મતલબ કે જ્યાં પ્રેમ છે ત્યાં બીજું કંઈ જ ન હોય શકે. ના ઝઘડા, ના કંકાસ, વેરભાવ ઈર્ષા, અદેખાઈ વગેરેને સ્થાન નથી. પક્ષપાતને પણ સ્થાન નથી ત્યાં કેવળ પરમ શાંતિ અને આનંદ જ હોય છે. જેનામાં પ્રેમ છે તેનામાં ક્ષમાની ભાવના હોય છે. એવી ભાવના ઈસુએ પ્રગટ કરી છે કે જેમાં તેમના શત્રુઓએ અસહ્ય દુ:ખો આપ્યા, વધસ્તંભ પર જડી દીધા, તોપણ ઈસુએ વધસ્તંભ પર પ્રાણ છોડતા પહેલાં આ પ્રમાણે કહ્યું કે **"હે બાપ, તું તેઓને માફ કર. કેમ કે તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી."**

પ્રેમ હૃદયની શુદ્ધ ભાવના છે. પ્રેમ પામવા માટે શુદ્ધ હૃદયની ઝંખના હોવી જોઈએ. પ્રેમ પામવા માટે ક્યાંય દૂર જવાની જરૂર નથી. તે તો તમારા હૃદયમાં જ છે.

વ્યક્તિ ભલેને સેંકડો માઈલ દૂર કેમ ન હોય, પણ પરસ્પરના પ્રેમને કારણે તે નજીક આવી શકે છે.

બીજું ઉદાહરણ જોઈએ તો મેઘગર્જના કરે છે ત્યારે મોર થનગન નાચી ઊઠે છે. મેઘ અને વર્ષારાણી સાથે મોરને નાતો છે. ધરતી અને મેઘ વચ્ચે કેટલું અંતર છે પણ તે ધરતીને તરબોળ કરે છે. તમે માલતીનું ફૂલ તો જોયું હશે, ખરું ને ? તેની સુવાસ એવી હોય છે કે વનમાં ભમતા ભમરાને તેના તરફ આકર્ષે છે. એજ પ્રમાણે આપણાં અસંખ્ય પાપો હોવા છતાં ઈશ્વરના પ્રેમે તેને પૂર્વથી પશ્ચિમ જેટલા દૂર રાખ્યા છે. ઈશ્વરે પોતાના પ્રેમના કારણે માણસ અને દેવની સાથે સમાધાન કર્યું છે.

એક કવિએ ઈશ્વર પ્રત્યેના પ્રેમને કારણે એક ગીતમાં આ પ્રમાણે વર્ણન કર્યું છે :

***તેના પ્રેમ વિશે ફેર ગાઈશું***
***તેની પ્રીત છે સદા અવિકાર.***

અર્પિત હલવાનના લોહી થકી ગીતો ગાઈશું સૌ વારંવાર. બીજા એક કવિએ પણ આ પ્રમાણે કહ્યું છે કે,

***મીઠી મીઠી તે પ્રીત મેં ચાખી છે.***
***મારા પ્રભુ ઈસુની પ્રીત મેં ચાખી છે.***

શું તમે ઈશ્વરના પ્રેમની અનુભૂતિ કરી છે ? શું તમે ઈશ્વર પર ખરા હૃદયથી પ્રેમ કરો છો ? જો એમ હોય તો તમને ધન્ય છે. જો નથી તો આવો, આજે જ પૂરા મનથી અને ખરા હૃદયથી ઈશ્વરને પ્રેમ કરવા ઠરાવ કરીએ.

# સાચી ફરજ

– પ્રણય રાઠોડ, વડોદરા

ચર્ચનો કોઈપણ કાર્યક્રમ હોય, કોઈ ધર્મસભા હોય કે કોઈ અન્ય સેવા હોય, નિકુંજ હંમેશાં આગળ હોય. નાનપણથી જ સન્ડેસ્કૂલમાં હાજરી આપવી, વીબીએસમાં જવું, ચર્ચની તમામ સભાઓમાં નિયમિત હાજરી આપવી વગેરે. આમ ધાર્મિકતા તેના જીવનમાં વણાઈ ગયેલી. બીજી બાજુ તેનો મિત્ર પ્રતીક મોટે ભાગે ચર્ચની છેલ્લી ખુરશીએ બેસનાર, શાંત પ્રકૃતિનો યુવાન, ચર્ચની કોઈક સભાઓમાં જ હાજરી હોય પરંતુ સાચા અર્થમાં ઈશ્વરનો અનુયાયી, સેવા કે દાનધર્મમાં કયારેય પોતાનો મહિમા દેખાડવો નહીં, કોઈ દુ:ખી વ્યક્તિને જોઈ તેનું હૃદય દ્રવી ઊઠતું, નિરાધાર અને ગરીબ લોકો પ્રત્યે અનુકંપા ધરાવનારું વ્યક્તિત્વ.

બંને મિત્રોએ કરિયર પસંદગીમાં નર્સિંગ કરિયરને પ્રાધાન્ય આપ્યું અને નર્સિંગની તાલીમ લઈને એક જ સરકારી દવાખાનામાં નોકરી પણ મળી ગઈ. પરંતુ પ્રતીક નોકરીના સમય દરમિયાન ખંતથી કામ કરતો જ્યારે નિકુંજ કોઈ ને કોઈ બહાના કાઢી ઘરે વહેલું જવું, ગુલ્લી મારવી વગેરે કર્યા કરતો. પોતાને સોંપેલ કામ પણ બીજા સ્ટાફ પાસેથી સાલુકાઈથી કરાવતો. આ તો ઠીક, પણ પોતાની જવાબદારી બીજાને સોંપી ધાર્મિક કાર્યમાં જતો. પ્રતીક તેનો મિત્ર હોઈ નોકરીમાં પણ વફાદારીપૂર્વક ફરજ નિભાવવા ઘણી વાર તેને સમજાવતો પરંતુ નિકુંજ હંમેશાં પોતાનો જ એક્કો પાસ કરાવતો.

આમ ને આમ સમય વીતતો ગયો અને દેશમાં વૈશ્વિક મહામારી આવી અને એ તો કોરોના. એવો રોગ જેના સ્પર્શ માત્રથી પણ તરત જ ચેપ લાગી જાય, જેની કોઈ દવા શોધાયેલ નહીં. માણસને માણસથી દૂર કરી દેનારો વાયરસ. કોઈ પ્રાણી કે વ્યક્તિ હોય તો તેનો સામનો થઈ શકે પણ આ છૂપોશત્રુ. આખો દેશ આ મહામારીમાં ત્રસ્ત થઈ ગયો. અને જોતજોતામાં આ વાયરસ નિકુંજ અને પ્રતીકના શહેર સુધી આવી ગયો. સરકાર અને શહેરના પ્રશાસન દ્વારા તાત્કાલિક પગલા લેવાના ચાલુ થઈ ગયા. આ જોઈ નિકુંજને બીક લાગવા માંડી. હજી તો એક પણ કેસ દવાખાનામાં આવ્યો ન હોવા છતાં તેણે દવાખાનામાં આવવાનું જ બંધ કરી દીધું. આ બાજુ આવી મહામારીમાં પ્રતીક ખડેપગે દવાખાનામાં હાજરી આપવાનું શરૂ કર્યું. કેસ વધતા પ્રતીક અને નિકુંજના દવાખાનામાં કેસ આવવાના શરૂ થયા. આ જોઈ નિકુંજે બીકના મારે લાંબી રજા મૂકી દીધી. જ્યારે પ્રતીકે આવી કપરી મહામારીને એક પડકાર તરીકે સ્વીકારી. ઈશ્વરે તેને આ સેવા કરવાનો અવસર આપ્યો છે તેમ માની પ્રાર્થનાસહિત સામેથી આ બીમારીના પેશન્ટના વોર્ડમાં કામ કરવાની તૈયારી બતાવી અને બીમાર પેશન્ટો માટે પણ પ્રાર્થના ચાલુ રાખી.

સમય જતો ગયો અને ધીમેધીમે પેશન્ટ પણ રીકવર થવા લાગ્યા અને એક સમય એવો આવ્યો કે નિકુંજ અને પ્રતીકનું આખું શહેર આ બીમારીથી મુકત થઈ ગયું. બધાએ હોસ્પિટલના સ્ટાફના ખૂબ વખાણ કર્યા. ત્યારબાદ નિકુંજ પોતાની ફરજ પર હાજર થયો.

વૈશ્વિક મહામારી હોય ત્યારે પોતાના જીવને સાચવવો જોઈએ, પરંતુ જ્યારે તમારો ઈરાદો સારો હોય છે ત્યારે ઈશ્વર પણ તમારી સાથે હોય છે. પ્રતીકે આવેલ મહામારીમાં ઈશ્વરની સહાય માંગી અને પોતાની ફરજ નિભાવી સેવા કરવાની તક ઝડપી લીધી. જ્યારે નિકુંજ તેની ફરજ પ્રત્યે બેદરકાર રહ્યો. માત્ર ધાર્મિકતા દર્શાવતી સેવા જ નહીં, પરંતુ જે સાચી સેવા છે તે પણ કરીએ અને પ્રતીકની જેમ સાચી ફરજ નિભાવીએ.

# ચુકાદો

– અનિલ વાઘેલા

જન્મથી અંધ માણસને ઈસુએ દેખતો કર્યો, તેને દષ્ટિ આપી, અને તે પણ વિશ્રામવારને દિવસે જ. પ્રભુ ઈસુને બીજો કોઈ વાર ન મળ્યો ? પણ ફરોશીઓ ઉપર તો એથી આભ તૂટી પડ્યું હોય એટલો ઉલ્કાપાત તેમણે મચાવ્યો. આ દિવસે તો કોઈપણ કાર્ય તો શું પણ સારું કાર્ય પણ ન થઈ શકે. યહૂદીઓના રૂઢિચુસ્ત કાયદાનો ઈસુએ સરેઆમ ભંગ કર્યો. યહૂદીઓને મન એ મોટો ગુનો હતો. ઈશ્વર વિરુદ્ધનો ગુનો હતો. વિશ્રામવાર પવિત્ર દિવસ છે. ઈશ્વરનો દિવસ છે. તેમણે વિશ્રામવારને દિવસે આરામ કર્યો હતો. આથી તેનો જેઓ ભંગ કરે એનો બહિષ્કાર કરવામાં આવતો. તેની સાથેનો સંબંધ તોડી નાંખવામાં આવતો. તો ઈસુએ આ બધાનો વિચાર નહીં કર્યો હોય ? તેમને ખબર હતી કે આ કૃત્યથી યહૂદીઓ સાજા થયેલા માણસને હેરાન કરશે. પણ તેમણે તો યહૂદીઓને બતાવવું હતું કે સારા કાર્ય તો વિશ્રામવારને દિવસે પણ થઈ શકે.

પ્રથમ તો ઈસુ ચમત્કાર કરી જ કઈ રીતે કરી શકે. એ તો અમારા જેવો જ સામાન્ય માણસ છે ને બીજું કે એ ઈશ્વર તરફથી આવ્યો જ નથી ને ત્રીજું કે તેણે વિશ્રામવારનો ભંગ કર્યો છે. ત્રણ ગુના એક સાથે. ચુસ્તતાની હદ તો ત્યારે આવી કે વિશ્રામવારને દિવસે તો કોઈનું ભલું પણ ના થઈ શકે. આથી જો ઈસુને ભીંસમાં લેવા હોય તો સાજા થયેલા માણસ પાસે ગુનાની કબૂલાત કરાવવી પડે.

આમ તેઓ કામધંધા છોડીને ઈસુની પાછળ પડી ગયા. આ તો તેમને માટે સરસ ચાન્સ હતો. તેમના કાનૂનમાં ભીડાવવાનો મોકો તેઓ ચૂકે તેમ ન હતા. આ તેમની 'નીચલી અદાલત' હતી. આથી તેમણે પ્રથમ તો સાક્ષી એવા દેખતા થયેલા માણસને જ પકડ્યો જેથી ઈસુ વિરુદ્ધ પાકો પુરાવો મળી રહે.

લોકોને યહૂદીઓનો એટલો ડર હતો કે સારું કાર્ય પણ વિશ્રામ વારને દિવસે થઈ ન શકે. રોમનના શાસન કરતા તેમનું શાસન વધુ કડક હતું. જેમાં રોમન બાદશાહ પણ માથું મારી ન શકે. પણ ઈસુએ તો એજ દિવસ પસંદ કર્યો. એક તો આંધળો દેખતો થાય ને યહૂદીઓને દાખલો બેસાડી દેવાય. આ રીતે તો ઈસુએ પાંચેકવાર વિશ્રામવારનો ભંગ કરી બતાવ્યો હશે. ખોટી રૂઢિઓના તે વિરોધી હતા.

એટલે એ માણસને તેઓએ રસ્તામાં જ પકડ્યો ને આવેશમાં આવી કહેવા લાગ્યા કે બોલ,... (ઈન્સપેક્ટરનો હુકમ) તને કોણે દેખતો કર્યો ? પહેલાં તો તે ધૂંધવાઈ ગયો. પણ પછી હિંમત કરી જે સત્ય બિના હતી તે કહી સંભળાવી. બહિષ્કાર થવાનો ભય તેણે રાખ્યો નહિ. જન્મથી જ તેણે દુનિયા જોઈ નહોતી. માબાપ, ભાઈબેન, કેવા હશે તેનો તેને ખ્યાલ જ નહોતો. પણ હવે તે બધું ઊજળી આંખે જોઈ શકતો હતો. પણ તેનો આ કુદરતી આનંદ આ લોકોએ છીનવી લીધો. પણ દિવ્યદષ્ટિ મળ્યા પછી એણે તો આનંદ જ લૂંટવા માંડ્યો, મૂંગો ન રહ્યો. સૃષ્ટિનું સર્જન જોવા મળે એ કેવો મહાઆનંદ ! તેથી સત્ય હતું તેની તેણે કબૂલાત કરી દીધી. તેથી તેઓ વધુ ઉશ્કેરાયા. તેમને તો તેની પાસે જુઠ્ઠી કબૂલાત કરાવવી હતી. પોલીસની જેમ પ્રશ્નો પૂછીને એને ગૂંચવવા લાગ્યા. તેમ છતાં તે માણસ અડગ રહ્યો ને ઈસુએ કરેલ ચમત્કારનો ડાંડિયો પીટવા માંડ્યો.

હવે આ માણસને તેઓએ રિમાન્ડ પર લીધો તેમની 'લોકઅદાલત'માં કામ ચાલ્યું. પોતે જ કાયદાના રક્ષક ને ભક્ષક હતા.

પ્રથમ પ્રશ્ન : તું દેખતો શી રીતે થયો ? તેણે કહ્યું, તેણે મારી આંખ ઉપર માટીની લૂગદી લગાડી. મેં ધોઈ નાખી ને હું દેખતો થઈ ગયો.

ફરોશીઓએ કહ્યું, એ માણસ ઈશ્વર તરફથી આવ્યો નથી ને વિશ્રામવાર પાળતો નથી.

બીજો ફરોશી : પાપી માણસ આવા ચમત્કાર શી રીતે કરી શકે ?

ત્રીજો ફરોશી : એણે તને દેખતો કર્યો કે છે તો એને વિશે તારે શું કહેવું છે ? એના મનમાં તો આવી ગયું કે તમે શું કરવા બળી મરો છો, તમે મને દેખતો કરી શકવાના નહોતા ને તેણે મને વગર પૈસે ઓપરેશન વગર - દૃષ્ટિ આપી છે. પણ ટૂંકમાં એણે એટલો જ જવાબ આપ્યો - એ પયગંબર છે.

તેઓ હતાશ થઈ ગયા આ સ્પષ્ટ જવાબથી. આથી વધુ સખત પુરાવો હતો જ નહિ, પણ આ સાક્ષીને ફોડી નાખવાનો તેમનો ઈરાદો હતો.

એને વધારે સકંજામાં લેવા માટે તેમણે બીજા સાક્ષીઓ ઊભા કર્યા. તેના માબાપને ત્યાં જઈ અડી લાગ્યા.

તેમને પૂછ્યું, આંધળો જન્મ્યો છે એમ તમે કહો છો એજ તમારો દીકરો છે. તો અત્યારે એ દેખતો શી  રીતે થયો ?

જવાબ : અમે માબાપ એટલું જાણીએ છીએ કે આ અમારો દીકરો છે અને તે ખોળામાંથી જ આંધળો જન્મ્યો હતો, અને એને દેખતો કોણે કર્યો એની અમને ખબર નથી એને જ પૂછોને. એ પોતે જ જવાબ આપશે. (જાણે કોર્ટમાં જવાબ આપતા હોય)

પછી તેમણે છોકરાને બોલાવ્યો ને કહ્યું, ઈશ્વરને માથે રાખીને સાચું બોલ, (સોગંદનામું) અમને ખબર છે કે એ ઈશ્વરનો પુત્ર નથી ને પાપી છે.

જવાબ : એ માણસ પાપી છે કે કેમ એ હું જાણતો નથી.

આ અણપઢ માણસ પણ કેવો સલુકાઈથી જ જવાબ આપે છે તેની કોઠાસૂઝને દાદ. અદાલતમાં જાણે જુબાની આપતો હોય, હું તો એટલું જ જાણું છું કે હું આંધળો હતો છતાં અત્યારે જોઈ શકું છું.

વળી ઊલટતપાસ : એણે તને શું કર્યું હતું. તને એણે શી રીતે દેખતો કર્યો. (જાણે એમને આ કળા શીખવી હોય.)

છોકરો : મેં તો તમને કયારનુંય કહ્યું છે પણ તમે કયાં માનો છો ? પછી તેના મુખમાંથી તાતાતીર સમું બાણ નીકળી પડે છે, 'તમારે પણ એમના શિષ્ય થવું છે કે શું ?'

એ તીર છાતીમાં સનનન કરતું વાગ્યું પણ ખરું. આની આ હિંમત અમારી સામે બોલવાની ? સજ્જ કરેલા તેમનાં હથિયારો બુઠ્ઠા થઈ ગયાં પછી હારેલું કૂતરું દાંત કાઢે એમ તેને અપશબ્દો સંભળાવવા લાગ્યા. પછી કહે, તું એનો શિષ્ય હશે. અમે તો મોશેના શિષ્યો છીએ.

કોર્ટમાં જુબાની આપતો હોય એમ તે બોલતો રહ્યો. આ તો ભારે નવાઈની વાત. એ કોના તરફથી આવ્યો છે એની તમને ખબર નથી, ને એમણે તો મને દેખતો કર્યો.

પ્રશ્ન : તું પૂરેપૂરો પાપમાં જન્મ્યો છે. અને અમને ઉપદેશ આપવા નીકળ્યો છે. અને તેઓએ તેનો પરિહાસ કરી છેલ્લું શસ્ત્ર અજમાવ્યું.

આ આખી બિના ઈસુના કાને આવી. (મુખ્ય ન્યાયાધીશ પાસે) એટલે તેને મળીને તેમણે કહ્યું, (હવે આ બીજી ઉપલી કોર્ટ) ઈસુએ પ્રેમભર્યા સૂરે છોકરાને કહ્યું, 'તને માનવપુત્ર પર શ્રદ્ધા છે ?'

છોકરો : 'એ કોણ છે પ્રભુ, આપ મને કહો એટલે હું તેનામાં શ્રદ્ધા રાખું.' (લૂક ૧૩:૧૨)

ઈસુએ કહ્યું, 'તેં મને જોયો છે અને તે જ તારી સાથે વાત કરી રહ્યો છે.'

તે ઈસુને પગે પડી ગયો. કેટલો સદ્‌ભાગી આ અંધમાણસ ?

હવે ઈસુએ આખા કેસનો પીંડલો વાળી દઈ ચુકાદો આપ્યો, 'હું જગતમાં ચુકાદો આપવા આવ્યો છું, જેથી જેઓ દેખતા નથી તે દેખતા થાય ને જેઓ દેખતા છે તે આંધળા થાય.' (યોહાન ૯:૩૯)

# હોશિયારી કે પાપ ?

– અર્પિત સિમ્પસન, ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયા આવીને મેં સૌ પ્રથમ જે નોકરી કરી તે તો કાર ધોવાની નોકરી હતી. અમારું કારવૉશ કેન્દ્ર મેરિકવીલ મેટ્રો નામના વિશાળ શોપીંગ સેન્ટર નવા ધાબા ઉપર હતું. આ કારવૉશનો માલિક સોમવારથી શુક્રવાર દરમિયાન આંતરેદિવસે કારવૉશ પર આવતો હતો અને બાકીના દિવસોમાં તેનો દીકરો તે ચલાવવા આવતો હતો. આ દીકરાનું નામ મેથ્યુ હતું.

મેથ્યુ તેની ભૂરા રંગની ફોર્ડ કાર લઈને આવતો અને અમારા કારવૉશની સામેની બાજુએ લગભગ દશ મિટર દૂર પાર્કીંગની જગા હતી તેમાં કાર પાર્ક કરતો. એક દિવસ ધંધામાં મંદી હતી અને અમે કારીગરો દૂધ માટેનાં ક્રેટની ઉપર બેઠા બેઠા વાતો કરતા હતા ત્યારે અમે તેને તેની કારની ડીકી (બૂટ)ની નીચેની પેનલ ઢીલી થઈ ગઈ હતી તે રિપેર કરતો જોયો. તેણે બીજા એક કારીગરને કહ્યું હતું કે આગલા દિવસે તેનાથી તેની ડીકીને નુકસાન થયું હતું અને ઝાઝા પૈસા ખર્ચ્યા સિવાય તે તેને રિપેર કરાવવા માગતો હતો.

એટલામાં એક બહેન તેમની કાર ધોવડાવવા આવ્યાં. તેમણે તેમની કાર પાર્ક કરવા મેથ્યુની કારની સામેની જગા પસંદ કરી અને બંને કારના પાછળના ભાગ (ડીકી) સામસામે આવે તે રીતે કાર પાર્ક કરવા લાગ્યા. ગાડી પાછી લાવતાં તેમનાથી મેથ્યુની કારને થોડી ટક્કર વાગી ગઈ. મેથ્યુ કૂદીને ઊભો થઈ તેની કાર તરફ દોડી ગયો. ખરું પૂછો તો એ બંને કારની ટક્કર ન હતી. બહેનની ગાડીનો પાછળનો ભાગ મેથ્યુની ગાડીને સહેજ અડી ગયો હતો. પરંતુ મેથ્યુએ તેની ડીકીની ઢીલી થઈ ગયેલી પેનલ તપાસવા માંડી અને બહેનની ઉપર એ પેનલને નુકસાન પહોંડાવાનો આરોપ મૂકયો. બહેને કહ્યું કે તેમની ગાડીના આટલા હળવા સ્પર્શના કારણે પેનલને આટલું બધું નુકસાન થઈ જ ન શકે પરંતુ મેથ્યુ એકનો બે ન થયો. તે જડ રીતે બહેને જ નુકસાન કર્યું છે એમ કહેતો રહ્યો. આ બની રહ્યું હતું ત્યારે મારી સાથેનો કારીગર એવો મારો હિન્દુ મિત્ર નવાઈથી આ નિહાળી રહ્યો હતો. તે બોલી ઊઠ્યો, ‘મેથ્યુનું નસીબ જોર કરે છે !’ ‘કાગનું બેસવું અને ડાળનું પડવું’ એના જેવું જ આ થયું.

ઘણીવાર આપણને એ જોઈને આંચકો લાગે છે કે લોકો પાસે લાગવગ અને ધન છે તેઓ અનૈતિક અને ઘણીવાર તો ગેરકાયદેસર અને જેને ગુનો કહેવાય એવાં કૃત્યો કરીને છટકી જાય છે. ન્યાયની આવી દેખીતી ગેરહાજરીના કારણે ગીત. ૭૩ નો ગીતકર્તા શરૂઆતમાં દુ:ખ અને નિરાશા અનુભવતો જોવા મળે છે. આપણે પણ આવી પરિસ્થિતિમાં શું કરી શકીએ ?

આ ઉપરથી મને વિચાર આવે છે કે આપણા જીવનમાં પણ આવા બનાવો બને છે. કોઈવાર દુકાનદાર ભૂલ કરીને વધારે પૈસા પાછા આપે છે અથવા ખરીદેલી કોઈ વસ્તુને ગણતરીમાં લેવાનું ભૂલી જાય છે. મને ખાતરી છે કે આપણા જીવનમાં આવા બન્યા જ હશે, જ્યારે આપણી પાસે ખરી કે ખોટી પસંદગી કરવાની તક આવી હશે અને એ સમયે ત્યાં કોઈ મનુષ્ય જોનારું નહિ હોય કે તેને વાજબી કે

ગેરવાજબી ઠેરવનારું કોઈ નહિ હોય. ફક્ત આપણે જ ત્યાં હોઈશું અને ત્યારે આપણે શું કર્યું કે શું કરી શકાયું હોત એની આપણને ખબર જ છે.

શું એવું કહી શકાય કે આવી ઘટનાઓ આપણા જીવનમાં આપણી કસોટી અર્થે મૂકવામાં આવે છે ! શું એવું હશે કે ઈશ્વરે એક પરીક્ષાનું પ્રશ્નપત્ર તૈયાર કર્યું છે અને આપણા આખા જીવન દરમ્યાન આવા બનાવો વખતે આપણને ગુણ (માર્ક) આપે છે જે ન્યાયના દિવસે આપણું ભાવિ નક્કી કરવા ધ્યાનમાં લેવાશે ! અહીં આપણે જે બાબતોમાંથી છટકી ગયા એવું સમજીએ છીએ તે બાબતોને યાદ કરાવવામાં આવશે ત્યારે આપણો પ્રતિભાવ કેવો હશે ?

મેથ્યુની વાત પર પાછા આવીએ તો તેણે પેલી બહેનના વીમાની વિગતો મેળવી. તેને જે જોઈતું હતું તે મળી ગયું અને પેલી બહેનની ગાડીના વીમાની ફાઈલમાં એક ક્લેઈમ નોંધાઈ ગયો. પછીના વર્ષે તેને નો ક્લેઈમ બોનસનો લાભ નહિ મળે. મારો અખ્રિસ્તી મિત્ર એવું સમજે છે કે મેથ્યુ તેના નસીબના જોર પર ફાવી ગયો. મેથ્યુ પોતાની હોશિયારી પર મનમાં મલકાતો હશે. આ ઘટનાને બાઈબલના શિક્ષણની માપપટ્ટીથી મૂલવીએ તો તે એક જૂઠ હતું, કપટ હતું, છેતરપિંડી હતી. અણહક્કનું પડાવી લેવાની વૃત્તિ અહીં દેખાય છે. 'ચોરી ન કરવી', 'જૂઠું ન બોલવું', 'લોભ ન રાખવો' એ સર્વ આજ્ઞાઓનો અહીં ભંગ થાય છે. પ્રકટીકરણ ૨૧:૮ કહે છે, 'પણ બીકણો .... તથા સઘળા જૂઠાઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે, એ જ બીજું મરણ છે.'

પાપને ગમે તે લેબલ લગાડીએ, પણ પાપ પાપ, જ રહે છે.


જાહેરાત

# આભાર પત્ર

**"તેઓને (આવતી) વિપત્તિમાંથી દૂર લઈ જવામાં આવે છે તે શાંતિમાં પ્રવેશ કરે છે."**

મારા ધર્મપત્ની **શ્રીમતી કેથેરાઈન વાઘેલા** ૬૦ વર્ષનું આશીર્વાદિત જીવન જીવી તા. ૧૧-૦૩-૨૦૨૦ના રોજ પ્રભુમાં ઊંઘી ગયા છે. આ દુઃખદ સમાચાર સાંભળતા જ માનનીય બિશપ રાઈટ રેવ. સિલ્વાન્સ ક્રિશ્ચિયન સાહેબ, ઉપાધ્યક્ષ મનહર સાહેબ, સેક્રેટરી શ્રી વસંત સાહેબ તથા ટ્રેઝરર જોસફ સાહેબ, રેવ. જુલ્યસ સાહેબ તથા અન્ય પાળક સાહેબો વડોદરા આવ્યા, અમારી મુલાકાત લીધી તેમજ તા. ૧૨-૦૩-૨૦૨૦ના રોજ દફનવિધિમાં પણ હાજર રહી અમને દિલાસો પૂરો પાડ્યો તે બદલ અમે ખૂબ જ આભાર માનીએ છીએ. તે સાથે માન. બિશપ માલવીયા સાહેબ, BDTAના ટ્રેઝરર શ્રી જેમ્સ બેકર સાહેબ, GTBSના પ્રમુખ રેવ. ઓઝા સાહેબ, મેથો. ચર્ચના બિશપ નિમ્રોદ સાહેબ, ડિ. સુ. રેવ. ઓગસ્ટીન ફેઈથ સાહેબ, રેવ. સુવાર્તિક સાહેબ, વડોદરા મેથો. ચર્ચના પાળક સાહેબો, આગેવાનો તથા સભ્યો, સી.એન.આઈ. અમદાવાદ, ચરોતર, પંચમહાલ, દ. ગુજરાત વિભાગના માન. એરીયાડીન સાહેબો, પાળક સાહેબો મોટી સંખ્યામાં હાજર રહ્યા તેમજ IEMના રેવ. સાબુ સાહેબ, F.M.P.B.ના રેવ. રાજુ સાહેબ, મુક્તિફોજના મેજર સાહેબ, સેંટ જેમ્સ ચર્ચ, આગાપે ચર્ચ, ભાલેજના પાંચ પરા, પોરડા-પેટલાદ, ઝાલોદ-દાહોદ, રેંટિયા તથા અન્ય મંડળીના સભ્યો, આપ સર્વએ મોટી સંખ્યામાં દફનવિધિમાં હાજરી આપી અમને દિલાસો પૂરો પાડ્યો તે બદલ અમે આભાર માનીએ છીએ. આ સાથે સેંટ જેમ્સ ચર્ચના રેવ. સંગાડા સાહેબ તથા પા.ક.ના સભ્યોએ પ્રભુમંદિરની વ્યવસ્થા આપી માટે આભાર માનીએ છીએ. ચરોતરના એરિયાડીન રેવ. ડૉ. ડેનીયલ સાહેબ તથા રેવ. મનિષ સાહેબ (સેંટ જેમ્સ ચર્ચ) સતત સમગ્ર પ્રસંગમાં હાજર રહી વ્યવસ્થા સાચવી તે બદલ આભાર માનીએ છીએ. વિશેષ સેંટ પોલ્સ ચર્ચની પા.ક.ના સભ્યો તેમજ મંડળીના જુદા-જુદા અંગોના સભ્યો અને મંડળીના નાના-મોટા બધા જ સભ્યો માંદગીના સમયથી માંડીને આજે પણ અમારી પડખે છે. દફનવિધિની સઘળી વ્યવસ્થા તેમણે સાથે મળીને કરી. જે કદી પણ ભુલાય નહીં. ખૂબ-ખૂબ આભાર. ગુજરાત તેમજ પરદેશમાં વસતા સી.એન.આઈ. તેમજ મેથો. ચર્ચના સભ્યોએ ફોન દ્વારા દિલાસો પાઠવ્યો માટે આભાર માનીએ છીએ. રેવ. ઈમાનુએલ સાહેબ (વડોદરા) તથા રેવ. હિરાલાલ સાહેબ (સુરત) અવાર-નવાર મુલાકાત, વચનો, પ્રાર્થના દ્વારા હિંમત આપી માટે આભાર માનું છું. સહકાર નગર બંને સોસા.ના સભ્યો આજે પણ અમારી સાથે સાથે છે માટે આભાર માનું છું. અમને તમારી પ્રાર્થનામાં યાદ રાખશો.

**આભારસહ,**

**રેવ. નિલેશ, દીકરી : ક્રિસ્ટીના**

**તથા સમસ્ત પરિવાર, વડોદરા.**

# હાજરી

– નીલ્સ ક્રિશ્ચિયન, નડિયાદ

કુટુંબમાં સારા - માઠા પ્રસંગે વિશેષ સારા પ્રસંગે આપણા વહાલાઓની ગેરહાજરી આપણને દુઃખી કરે છે. રડાવે છે. ચોક્કસ તે સમયે આપણે વિચારીએ છીએ કે જો આ સમયે મારી મા, મારા પિતા ફલાણા ભાઈ - બહેન, સગા હાજર હોત તો કેવું સારું ?

કારણ તેમની હાજરી આનંદ આપે છે, પ્રોત્સાહન આપે છે, બળ આપે છે, ઉત્તમ સલાહ ને હૂંફ આપે છે. આપણને પણ એમ થાય છે કે જો તેઓ હાજર હોત તો આ પ્રસંગે તેમને કેવો આનંદ થાત ? કેવી મઝા પડત. પણ અફસોસ તે રિસાયા છે તે સંજોગોવસાત આવી શકયા નથી, અણબનાવ થયો છે, ને દુઃખદ બાબત કે તે હવે આ દુનિયામાં હાજર નથી.

ઘણીબધી જગ્યાએ, ઘણાબધા સમયોમાં તેમની હાજરી ખૂબ જરૂરી બની જાય છે. અને આપણે પણ વિચારીએ છીએ, કહીએ છીએ કે જો તે અથવા તેઓ હાજર હોત તો આમ થયું હોત અથવા આમ ના થયું હોત.

અથવા જો આ વહાલાઓ હાજર હોય છે ત્યારે ઘણા બધાનું વજન પડતું હોય છે. તેમની હાજરી જ કાફી હોય છે તેમની મારફતે તેમની સલાહોથી અજાયબ જેવા રસ્તા નીકળે છે. તેમની હાજરી ઘણી વખત અભિમાન કરવાનું કારણ પણ બની જતી હોય છે. આમ, માનવી જીવનમાં બીજી વ્યક્તિની હાજરી ખૂબ મહત્ત્વની હોય છે. અથવા તેમની ગેરહાજરી નાનું મોટું નુકસાન નોતરે છે.

હંમેશાં હાજરી બે પ્રકારની પરિસ્થિતિ ઊભી કરે છે. સારી યા ખરાબ. ઘણા માણસો ઘણીબધી જગ્યાએ હાજર રહીને કંટાળો આપે છે, કામ બગાડે છે, નુકસાન કરે છે. માર અથવા મરણ લાવે છે. પ્રસંગને અશુભ બનાવે છે. પોતાનું ધારેલું કરે છે. કામમાં વિઘ્નો નાંખે છે. પિશાચી આનંદ માણે છે.

ઘણાની હાજરી આપણને ગમતી નથી કારણ તેઓ મોં ઉપર જ રોકડું પરખાવનારા હોય છે. તટસ્થ હોય છે. સત્યના પક્ષમાં હોય છે. ખોટું ન ચલાવી લે. આવા માણસો મોટે ભાગે લોકોને ગમતા નથી. તેમની હાજરી લોકોને ખૂંચે છે. તેઓ ખોટું થતાં અથવા કરતાં રોકે છે.

આ તો માનવીની હાજરી ગેરહાજરીની વાત થઈ, ચાલો ઈસુ (બાપ તથા પવિત્ર આત્માની) હાજરી ગેરહાજરી વિષે જોઈએ.

પ્રભુ કયાં કયાં અને શા માટે હાજર રહ્યા ? પ્રભુએ કયાં હાજર રહેવાનું ટાળ્યું ?

પ્રભુ આદમના પાપ પહેલા દર સાંજે એદન બાગમાં હાજર રહેતા હતા. યહોવા હનોખના જન્મના પાસઠ વર્ષ પછી ત્રણસો વર્ષ તેની સાથે હાજર રહ્યા. શાદ્રાખ, મેશાખ, તથા અબેદ-નગો સાથે અગ્નિની ભઠ્ઠીમાં હાજર રહ્યા. પ્રભુ લાલ સમુદ્રમાં હાજર રહી આગળ આગળ ચાલ્યા. સિનાઈ પહાડ ઉપર મૂસા તથા ઈસ્રાએલ પ્રજા પાસે હાજર થયા. “દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે **હાજરાહજૂર** મદદગાર છે,” પ્રભુ તેમનાં બાળકો પાસે હાજર રહે છે ને મદદ કરે છે. (ઘણા હાજર હોય પણ કોઈ મદદ ન કરે).

માટે જ મૂસાએ યહોવાને કહ્યું કે “જો તમે આ આખા રસ્તે અમારી સાથે આવવા માગતા ન હો તો તમારી હાજરી ન હોય તો અમને અહીંથી લઈ ન જતાં” નિર્ગમન ૩૩:૧૫. આમ આપણા માટે ઈશ્વરની હાજરી કેટલી બધી જરૂરી છે. નહીં ? જો ઈસુ હોડીમાં શિષ્યો સાથે ન હોત તો ? પ્રાર્થનાપરાયણ લોકો પાસે ઈસુ સતત હાજર રહે છે.

“જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું”. ખાત્રીદાયક વચન ! માથ્થી ૨૮:૨૦

પ્રભુ ઘણી જગ્યાએ તેમના લોક પાસે હાજર રહેતા નથી કારણ કે દૂર ચાલ્યા જાય છે. લોકોને પડતા મૂકે છે.

“એ કારણથી ઈસ્રાએલપુત્રો તેમના શત્રુઓની આગળ પીઠ ફેરવે છે, કારણ કે તેઓ શાપિત થયા છે; તેમ તમારામાંથી શાપિત વસ્તુનો નાશ નહિ કરો તો હું તમારી સાથે કદી રહેનાર નથી” યહોશુઆ - ૭:૧૨ “હું સંકટ સમયે તેની સાથે થઈશ” ગીત. ૯૧:૧૫

“યહોવા તમારી મધ્યે નથી, માટે આગળ ન જાઓ; રખેને તમારા શત્રુઓ તમને મારે. કેમકે અમાલેકીઓ

તથા કનાનીનઓ ત્યાં તમારી આગળ છે, ને તમે તરવારથી પડશો; તમે યહોવાને અનુસરવાથી પાછા ફરી ગયા છો, એ માટે યહોવા તમારી સાથે નહિ આવે." ગણના ૧૪:૪૨,૪૩ ઘણીવાર દેવ આપણી સાથે હોતા નથી. "તેની કસોટી થાય, ને તેના અંત:કરણમાં જે કંઈ હતું તે સઘળું જાણવામાં આવે માટે દેવે તેને સ્વતંત્ર મૂકયો." ૨ કાળવૃત્તાંત ૩૨:૩૧. "અને જો, હું તારી સાથે છું; ને જ્યાં તું જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભારીશ, ને આ દેશમાં હું તને પાછો લાવીશ; કેમકે કે જે જે મેં તને કહ્યું છે, તે પૂરું કર્યા વગર હું તને નહિ મૂકીશ." ઉત્પત્તિ ૨૮:૧૫

પણ યહોવા યૂસફની સાથે હતા, ને તેમણે તેના પર દયા કરી, ને તેને કેદખાનાના દરોગાની દૃષ્ટિમાં કૃપા પમાડી. કેમકે યહોવા તેની સાથે હતા; અને તે જે કંઈ કરતો તેમાં યહોવા તેને ફતેહ પમાડતા ઉત્પત્તિ ૩૯:૨૧,૨૩. "ઈસુને તથા તેના શિષ્યોને પણ તે લગ્નમાં નોતર્યાં હતા." ત્યારે માર્થાએ ઈસુને કહ્યું કે, "પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ મરત નહિ" માટે જ્યાં ઈસુ હતા ત્યાં મરિયમે આવીને તેમને જોયા, ત્યારે તેણે તેમને પગે લાગીને તેને કહ્યું કે "પ્રભુ, જો તમે અહીં હોત,તો મારો ભાઈ મરત નહીં." આઠ દહાડા પછી ફરીથી તેના શિષ્યો (ઘર)માં હતા. થોમા પણ તેઓની સાથે હતો; ત્યારે બારણાં બંધ કર્યાં છતાં ઈસુએ આવીને વચમાં ઊભા રહીને કહ્યું કે, તમને શાંતિ થાઓ. યોહાન ૧૧:૨૧,૩૨, ૨૦:૨૬ યોહાન ૨:૨

આપણાં લગ્નોમાં મંડપરોપણથી લગ્ન પૂરું થતા સુધી કોની હાજરી હોય છે ? ઘણાં લગ્નોમાં પ્રથમ જ કહેવામાં આવે છે કે "ભાઈ જે હોય તે 'પેલાનો' અગાઉથી બંદોબસ્ત કરી રાખજો." જો આપણા કેટલાકએક જુવાનોનાં જીવનમાં, ઘરમાં પ્રભુ ઈસુની હાજરી હોત તો તેઓ અકાળે મરણ પામ્યા ન હોત.

"શું મેં તને આજ્ઞા આપી નથી ? બળવાન તથા હિંમતવાન થા ભયભીત ન થા, ને ગભરાતો મા, કારણ કે જ્યાં કંઈ તું જાય છે, ત્યાં તારો દેવ યહોવા તારી સાથે છે." યહોશુઆ ૧:૯

"તેઓથી બીતો ના, કેમકે તારો છૂટકો કરવા સારુ હું તારી સાથે છું." એમ યહોવા કહે છે. યર્મિયા ૧:૮


જાહેરાત

# આભાર પત્ર

**"લાંબા આયુષ્યથી હું તેને તૃપ્ત કરીશ, અને તેને મારું તારણ દેખાડીશ." ગી.શા. ૯૧ : ૧૬**

મારા વ્હાલા સેવાભાવી પતિ તથા બાળકોના પ્રેમાળ પિતા, પૌત્રી તેમજ દોહિત્રીઓના વ્હાલા દાદા **શ્રી રમેશચંદ્ર એસ. ક્રિસ્ટી** પૃથ્વી પરનું ૮૦ વર્ષનું આશીર્વાદિત દીર્ઘાયુષ્ય જીવી તા. ૧૮-૬-૨૦૨૦ના ગુરુવારે સવારે ૧૧:૪૫ કલાકે પ્રભુના વિસામામાં ઊંઘી ગયેલ છે.

તેમની દફનક્રિયા દરમ્યાન મંડળીના પાળક રેવ. આર્થર રજવાડી સાહેબ તથા રેવ. એલ્વીન સાવલે સાહેબ, રેવ. ડૉ. હેમંતકુમાર પરમાર સાહેબ, રેવ. ડૉ. રોબિન્સન સાહેબ, રેવ. ઈમાનુએલ સાહેબ, રેવ. હેમંત રૉય સાહેબ, રેવ. જેરાલ્ડ સાહેબ, રેવ. શૈલેષ સાહેબ, રેવ. નિલેષ સાહેબ, કેપ્ટન નિલેષ સાહેબ તથા પાસ્ટોરેટ કમિટીના સભ્યો, મંડળીના ભાઈ-બહેનો, સફળકુંજ સોસા.ના તમામ રહીશો, સગાસ્નેહી, મિત્રોએ ઉપસ્થિત રહી પ્રાર્થના દ્વારા અમોને દિલાસો, હૂંફ, ઉત્તેજન પૂરા પાડ્યા માટે અમે આપ સર્વના આભારી છીએ.

સાથે ગુ.ડા.ના બિશપ રાઈટ રેવ. સિલ્વાન્સ એસ. ક્રિશ્ચિયન સાહેબ તથા અન્ય પાળક સાહેબો, દેશ-પરદેશના સગાસ્નેહીઓએ ફોન દ્વારા દિલાસો પૂરો પાડ્યો છે તેઓનો અમે હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરીએ છીએ. અમારા પરિવારજનોને આપની પ્રાર્થનામાં ધરી રાખશો.

**પ્રભુમાં દિલાસીત,**
પત્ની : **વિમળાબેન રમેશચંદ્ર ક્રિસ્ટી**
પુત્ર : **રેવ. સંજીવકુમાર ક્રિસ્ટી**
પુત્રવધૂ : **રૂબીનડૉરીસ ક્રિસ્ટી**
**સમગ્ર પરિવાર**

# સેક્રેટરીના સમાચાર

**ખ્રિસ્તમાં વહાલાં ભાઈ-બહેનો,**

કોરોના વાઇરસની મહામારી દરમ્યાન ઘણા ખ્રિસ્તી ભાઈ બહેનોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. કયાંક ને કયાંક પ્રભુ આપણને શિક્ષણ આપવા માંગે છે. હવેનો જે સમય હશે તે એકદમ જુદા પ્રકારનો આપણે માટે હશે. માસ્ક પહેરી ને જીવવું, દૂર ઊભા રહી ને વાત કરવી, જેવા અનેક નિયંત્રણ આવશે. પ્રભુ મંદિર ક્યારે શરૂ થશે તે આપણે જાણતા નથી. પણ ત્યાં પણ વધારે પડતી ચોકસાઈ રાખવી પડશે. કોઈ પણ મુશ્કેલ સમય લાંબો હોતો નથી પણ મનથી મજબૂત વ્યકિતઓ ટકી જાય છે Tough time will never last but tough people do.



**રાજુભાઈની વિદાય :** શ્રી રાજેશભાઈ આર. વ્યાસ ટ્રાકટ સોસાયટીના સ્ટાફ મેમ્બરનું ૧૪-૦૬-૨૦૨૦ના રોજ અવસાન થયું. પ્રભુ એમની સેવાઓને આશીર્વાદિત કરે ને તેમનાં કુટુંબીજનોને દિલાસો આપે એજ પ્રાર્થના. ટ્રાકટ સોસાયટીએ પોતાના એક કર્મશીલ કાર્યકર ગુમાવી દીધા. રાજુભાઈ છેલ્લાં ૨૮ વર્ષથી ટ્રાકટ સોસાયટીમાં સેવા આપતા હતા. બહુ જ વિશ્વાસુપણે તેમણે સેવાઓ આપી. રાજુભાઈ એટલે હરતી-ફરતી ટ્રાકટ સોસાયટી.... રસ્તામાં હોય કે ચર્ચમાં કોઈ પણ સ્થળે એમને કોઈ ટ્રાકટ સોસાયટીની જાહેરાત આપે કે કોઈ માહિતી પૂછે તો તરત જ તૈયાર... તેમનાં નિવાસસ્થાને તો કેટલાય લોકો જાહેરાત અને નાણાં બંને આપી જાય પણ કયારેય કોઈ કચવાટ નહીં. આવી એક વ્યકિતને ગુમાવવાથી ટ્રાકટ સોસાયટીને ઘણું દુ:ખ થયું છે સમગ્ર સ્ટાફ અને કમિટી સભ્યો પણ શોક અનુભવે છે. આ બધી સેવાઓ પ્રભુમાં આશીર્વાદિત થઈ છે.

**મરણ નોંધ :** (૧) રાઈટ રેવ. બિશપ સિલ્વાન્સ સાહેબના નાના બહેન જેનિફર રાજેશભાઈ ક્રિશ્ચિયનનું કોરોના માંદગીમાં અવસાન થયું. પ્રભુ તેમનાં કુટુંબને પણ સ્વર્ગીય દિલાસો આપે તે જ પ્રાર્થના. (૨) શ્રી મધુસૂદન એમ. દાસ, વડોદરાનું ગત માસમાં અવસાન થયું છે. તેઓ ટ્રાકટ સોસાયટીના એજન્ટ તરીકે ઘણા વખતથી કાર્યરત હતા. પ્રભુ તેમના કુટુંબને પણ સ્વર્ગીય દિલાસો આપે તે જ પ્રાર્થના. (૩) રેવ. નિલેશ વાઘેલાના ધર્મપત્ની શ્રીમતી કેથેરાઈન વાઘેલા પ્રભુમાં ઊંઘી ગયા છે. પ્રભુ તેમના સમગ્ર પરિવારને સ્વર્ગીય દિલાસાથી ભરે એ જ પ્રાર્થના. (૪) રેવ. સંજીવકુમાર ક્રિસ્ટીના પિતા શ્રી રમેશચંદ્ર એસ. ક્રિસ્ટી પ્રભુમાં ઊંઘી ગયા છે. પ્રભુ તેમના સમગ્ર પરિવારને સ્વર્ગીય દિલાસાથી ભરે એ જ પ્રાર્થના.

હજી પણ પ્રેસ સંપૂર્ણ રીતે શરૂ થયા નથી અને પ્રભુ મંદિર બંધ હોવાના કારણે એજન્ટો પણ અંક વહેંચી શકે તેમ નથી એટલે ચાલુ માસના અંકનું પ્રકાશન કર્યું નથી. મોટાભાગના એજન્ટોના અંકની વહેંચણી દેવળમાં જ થાય છે જે હાલમાં શક્ય નથી.

**સાહિત્ય સેવા સદન,**
**એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.**
www.gtbs.in

**આભારસહ,**
**શ્રી આશિષ માર્ટિન**
**(સેક્રેટરી)**

# KHRISTIBANDHU

**Registered under RNI No. 11194/57**
**Permited to Post on 2nd E.M. at Ahmedabad**
**PSO under Postall Registration No. GAMC 30/2018-20**
**issued by SSP ABD-9 Valid up to 31.12.2020**
**Published on 2nd of every month**


